દિવ્યજ્યોતિ ટ્રસ્ટ



# પાંચમો વાર્ષિક અહેવાલ ૨૦૧૪-૧૫

ઘસાઈને ઉજળા થઈએ, બીજાના ખપમાં આવીએ. - રવિશંકર મહારાજ

# દિવ્યજયોતિ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- હોસ્પિટલ
  - સ્પેશ્યાલીટી ક્લીનીક
  - તાલીમ કેન્દ્ર
  - રીસર્ચ પ્રવૃતિ
  - નેટવર્કીંગ – કન્સલ્ટન્સી
- આઉટરીચ એકટીવીટી :– (ક્ષેત્રીય કામગીરી)
  - નિદાન કેમ્પ
  - સેટેલાઈટ સેન્ટર – નેત્રંગ, ઝંખવાવ સામુહિક આરોગ્ય કેન્દ્ર
  - સેટેલાઈટ સેન્ટર – ચોરવાડ લાયન્સ આઈ હોસ્પિટલ
- જન સમુદાય આધારિત કાર્યક્રમ
- સંકલિત શિક્ષણ કાર્યક્રમ
- વિવેકાનંદ પ્રજ્ઞાચક્ષુ ભવન – અંધ બાળકોની હોસ્ટેલ

૧. **હોસ્પિટલ :–** દિવ્યજયોતિ ટ્રસ્ટ દ્વારા માંડવી તાલુકામાં આંખની બધા જ પ્રકારની સારવાર ગરીબો માટે મફત અને અન્ય માટે રાહત દરે આપતી ૪૦ પથારીની હોસ્પિટલ મે ૨૦૧૧ થી કાર્યરત છે જે નવા મકાનની સુવિધા ઉમેરતા સપ્ટેમ્બર–૨૦૧૫ થી ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી થઈ છે.

**સ્પેશ્યાલીટી ક્લીનીક:–** આંખની બધા પ્રકારની સારવાર ઉપલબ્ધ છે. મોતિયો ઉપરાંત આંખના પડદાના રોગો; ઝામર, બાળકોની આંખના રોગો તથા કોમ્યુનિટી ઓપ્થેલ્મોલોજીસ્ટની સેવાઓ રોજીંદી મળે છે. આ ઉપરાંત ઢળેલી પાંપણ, ત્રાંસી આંખ, ન્યુરો ઓપ્થેલ્મલોજી અને કોર્નીયાના કન્સલ્ટન્ટ દર મહિને એક – બે કે તેથી વધુ વાર નિયમિત રીતે આવે છે આ બધા જ રોગોની સારવાર માટે અદ્યતન સાધનો ઉપલબ્ધ છે.

**તાલીમ કેન્દ્ર :–** હોસ્પિટલની પ્રવૃતિમાં ડોકટર્સ ઉપરાંત મદદનીશ સ્ટાફની ભૂમિકા ખૂબ મહત્વની છે. આંખની હોસ્પિટલમાં મદદનીશ સ્ટાફ તરીકે ઓપ્થેલ્મીક આસીસ્ટંટ, નર્સીસ, ઓપરેશન થીયેટર ટેકનીશ્યન, ચશ્મા ફીટીંગ વિગેરેની તાલીમ કાર્યક્રમ નિયમિત રીતે થઈ રહયા છે. આ ઉપરાંત ડોકટર્સ માટે ટૂંકાગાળાના ફેકો પધ્ધતિથી ઓપરેશન અને એસ આઈસી એસ સર્જરી તેમજ મેડીકલ રેટીનાની તાલીમ પણ થઈ રહી છે.

**રીસર્ચ પ્રવૃતિ :–** આંખની બધા પ્રકારની સારવાર ઉપલબ્ધ હોવાથી તેમજ ડો. રોહનભાઈએ ૧ વર્ષની રીસર્ચની તાલીમ લીધી હોવાથી રીસર્ચ પ્રવૃતિ પણ કરવામાં આવે છે.

**નેટવર્કીંગ – કન્સલ્ટન્સી:–** આજુબાજુની હોસ્પિટલોને ટેકનીકલ મદદ, દેશના વિવિધ ભાગોમાં હોસ્પિટલોનું મુલ્યાંકન તથા વિવિધ રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સંકલન.

૨. **આઉટરીચ એકટીવીટી :–** (ક્ષેત્રીય કામગીરી)

**નિદાન કેમ્પ :–** હોસ્પિટલની શરૂઆતમાં અઠવાડિયે ૨ નિદાન કેમ્પ થતા હતા. જે છેલ્લા ૧ વર્ષથી ત્રણ નિદાન કેમ્પ થઈ રહયા છે. તેમાં હવે સ્પેશ્યાલીટી કેમ્પ પણ કરીએ છીએ.

**સેટેલાઈટ સેન્ટર – નેત્રંગ, ઝંખવાવ સામુહિક આરોગ્ય કેન્દ્ર:–** સરકારશ્રી સાથે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ અંતર્ગત નેત્રંગ અને ઝંખવાવમાં આંખની ઓપીડી અને ઓપરેશનની કામગીરી દિવ્યજયોતિ ટ્રસ્ટ સંભાળે છે.

**સેટેલાઈટ સેન્ટર – ચોરવાડ લાયન્સ આઈ હોસ્પિટલ:–** અમે તાલીમ આપેલ કાર્યકરો દ્વારા નિયમીત ઓ.પી.ડી. તથા કેમ્પ, વિઝીટીંગ ડોકટર દ્વારા અઠવાડિયામાં ત્રણ વાર ઓપરેશનની કામગીરી થઈ રહી છે.

૩. **જન સમુદાય આધારિત કાર્યક્રમ :–** આ કાર્યક્રમ માંગરોલ અને ઉમરપાડા તાલુકામાં જાન્યુઆરી '૧૫ થી શરૂ કર્યો છે.

૪. **સંકલિત શિક્ષણ કાર્યક્રમ :–** આ કાર્યક્રમ હેઠળ ઘરે ઘરે ફરીને અંધત્વની તપાસ કરવામાં આવે છે. તપાસ દરમિયાન મળતા અંધજનોને સ્વરોજગારની તાલીમ; બાળકોને બ્રેઈલ શિક્ષણ આપવું અને વડીલોને પોતાનું કામ જાતે કરી શકે તેવી તાલીમ આપવામાં આવે છે.

૫. **વિવેકાનંદ પ્રજ્ઞાચક્ષુ ભવન – અંધ બાળકોની હોસ્ટેલ :–** માંડવી ગામમાં જ ૧૦ વર્ષથી નીચેના અંધબાળકો માટે રહેઠાણની સુવિધા પુરી પાડીને તેમને નિયમિત શાળામાં શિક્ષણ મળે તેવી વ્યવસ્થા ગોઠવી. ૨૦ બાળકો આ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે.

શુભેચ્છક શ્રી,

આપની સમક્ષ પાંચમો વાર્ષિક રીપોર્ટ રજૂ કરતા આનંદ અનુભવીએ છીએ.

સ્વામી વિવેકાનંદના ઉપદેશ અને મહાત્મા ગાંધીજીના સંદેશને અનુસરીને સુરત જીલ્લાના માંડવી વિસ્તારમાં આંખની સારવારની કામગીરી મે ૨૦૧૧ થી શરૂ કરી.

ગરીબ દર્દીને પણ ગુણવત્તાયુકત આધુનિક સારવાર મળી રહે તે માટે શરૂઆતથી જ પ્રયત્નો કર્યા હતા. તેથી હોસ્પિટલનું મકાન; આધુનિક સાધનો – મશીનરી, દવાઓ, રસોડું, વાહનો વિગેરેનું વ્યવસ્થિત માળખુ ગોઠવ્યું હતું. કુશળ ડોકટરોની સેવાઓ પણ ઈશ્વરકૃપાથી મળી રહી, સ્થાનિક યુવાનોને તાલીમ આપીનેકાર્યક્ષમ અને નિષ્ઠાવાન સ્ટાફની તાકાત પણ મેળવી શકાઈ.આમ કુશળ ડોકટરો – તાલીમબધ્ધ સ્ટાફ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રકચર અને ગરીબો માટે મફત અને અન્યો માટે કિફાયતી સારવાર ની સુવિધા હોવાથી દર્દીઓ પણ શરૂઆતથી જ મળતા રહયા.

દાન પર ચાલતી આ પ્રવૃતિમાં સમાજના સખી દાતાઓની ઉદાર મદદથી અમારા કામને સાનૂકુળ આર્થિક સુવિધા પણ મળતી રહી. આમ પરમકૃપાળુ પરમાત્માના આશીર્વાદ અને આપ સૌની શુભેચ્છાથી દિવ્યજયોતિ ટ્રસ્ટની પ્રવૃતિ ઝડપથી વિસ્તરી શકી છે.

સમાજમાં પણ ટ્રસ્ટને મળેલી સારી પ્રતિષ્ઠાથી રીકરીંગ ખર્ચની મુશ્કેલી પડતી નથી. હોસ્પિટલની શરૂઆતથી જ સુરત માનવ સેવા સંઘ "છાંયડો" નો નોંધપાત્ર સહયોગ મળ્યો હતો અને તે સતત મળતો જ રહે છે. પરંતુ કામના વ્યાપને ધ્યાનમાં લઈને શરૂ કરેલા નવા બાંધકામ માટે નોન રીકરીંગ ખર્ચમાં હજુ નાણાની આવશ્યકતા છે.

આશા છે આપે અગાઉ કરેલી સહાય આવનાર વર્ષોમાં પણ ચાલુ રહેશે અને સમાજ ઉપયોગી આ પ્રવૃતિ વિકસતી રહેશે.

આપ સૌને દિવાળીની શુભકામનાઓ.

| | | |
|---|---|---|
| ભરતભાઈ શાહ | નલીનભાઈ શાહ | ડો.ઉદય ગજીવાળા |
| પ્રમુખ | મંત્રી | ઉપપ્રમુખ |

તા. ૨૫-૧૦-૨૦૧૫ માંડવી

## વિતેલા વર્ષ પર નજર

ગત વર્ષે સૌથી નોંધપાત્ર ઘટના ઝોવા એવોર્ડ મળ્યો તેને ગણાવી શકાય. માંગરોલ અને ઉમરપાડા તાલુકાના અંધજન પુનર્વસન કાર્યક્રમમાં અંધત્વની તપાસ ઉપરાંત ૨૦૩ ગામના લોકોની ઘરે ઘરે ફરીને ૪૦ વર્ષથી ઉપરના લોકોમાં આંખના દબાણ (IOP) ડાયાબિટીસ–બ્લડ પ્રેશર ની તપાસ કરવા અંગેનો પ્રસ્તાવ નવતર પ્રયોગ તરીકે મંજૂર થયો અને NOVARTIS Pharmaceuticalsની CSR બોડી XOVAને વિશ્વમાંથી ૮૦ જેટલી સંસ્થાઓએ પોતાના પ્રોજેકટ મોકલ્યા હતા, તેમાંથી ૫ પ્રોજેકટ મંજૂર થયા જેમાં એક દિવ્યજ્યોતિ ટ્રસ્ટ છે. આ એવોર્ડમાં ૨૦૦૦૦ યુરો નો રોકડ એવોર્ડ મળ્યો. આ એવોર્ડ સમારંભ ૧૪–૧૫ નવેમ્બર'૧૪ દરમિયાન તુર્કસ્તાનના ઈસ્તંબુલ શહેર ખાતે યોજવામાં આવ્યો હતો અને આ એવોર્ડ સંસ્થા વતી ડો. ઉદયભાઈએ સ્વીકાર્યો.

આ એવોર્ડ સ્વીકારી શકાયો તેને માટે FCRA ની મંજૂરી મળી ગઈ છે – એ પણ ખૂબ અગત્યની ઘટના છે. સાથે જ સંસ્થાને મોતિયાના ઓપરેશનના કોર્પસ ફંડ માટે અપાતા દાનને ૧૦૦% કરમુકિત આપતી ઈન્કમટેકસની કલમ 35 AC હેઠળ પણ મંજૂરી મળી ગઈ છે. FCRA ની મંજૂરી મળી ગઈ હોવાથી અમેરીકાની સંસ્થા 'Wonderwork' જે આંખની સારવાર માટે તથા બાળકો માટે કામ કરે છે, તેની સાથે પણ જોડાઈ શકયા છીએ. મોતિયાના ઓપરેશન ઉપરાંત બાળકોની આંખની સારવાર માટેની નકકી કરેલી રકમ 'Wonderwork' USA તરફથી મળશે.

હોસ્પિટલમાં આવતા ૪૦ વર્ષથી ઉપરના બધા જ દર્દીઓની ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની તપાસ મફત શરૂ કરવામાં આવી. જેનાથી લોકોને ડાયાબિટીસ કેબ્લડ પ્રેશરની જાણ થવા લાગી અને જરૂરી દવાઓ લેવાની શરૂઆત કરવાથી ડાયાબિટીસકેબ્લડ પ્રેશરને કારણે આવતી ગંભીર બિમારીમાંથી ઉગરી જવાની શકયતા ઉભી થઈ. આમ આ એક નાનું પણ મહત્વનું પગલું ગણાય. દર મહિને લગભગ ૧૦ નવા ડાયાબિટીસના દર્દીઓ મળતા થયા. આ જ અનુભવના આધારે કેમ્પમાં પણ ૪૦ વર્ષથી મોટી ઉમરના બધા જ લોકોની બ્લડસુગર, બ્લડપ્રેશર તેમજ આંખના પ્રેશરની તપાસ કરવાનું શરૂ કર્યુ. આ વર્ષથી ખેતરમાં કામ કરતા લોકોને માટે બન્ને બાજુએથી બંધ એવા સફેદ (સાદા) ગ્લાસના ચશ્મા ૩૦ રૂ.માં આપવાનું શરૂ કર્યુ જેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. આ ચશ્માને કારણે ડાળખી, પાંદડી કે અનાજના દાણા વાગવાથી અને સમયસર સારવાર ન લેવાથી ખેતરમા કામ કરતા લોકોને કોર્નીયલ અલ્સર થવાના કિસ્સામાં નોંધપાત્ર ઘટાડો કરી શકાશે.

કોર્નિયાની સર્જરી માટે સુરતથી ડો. રોહનભાઈ ઠકકર તો આવે જ છે, તે ઉપરાંત મુંબઈથી ડો. સોનીયાબહેન કોઠારીએ પણ ફેબ્રુઆરી ૧૫થી આવવાનું શરૂ કર્યુ અને તેમણે નવી પધ્ધતિની "લેમેલર કેરેટોપ્લાસ્ટી" સર્જરી કરી. જેમાં દાનમાં મળેલી કીકીના બે ભાગ છૂટા પાડીને બન્ને ભાગ બે જુદા દર્દી માટે વાપરી શકાય. એટલે કે એક જ કીકીના દાનમાંથી બે વ્યકિતને દ્રષ્ટિ મળી શકે. જે ગુજરાતમાં જવલ્લે થતા ઓપરેશન પૈકી ગણાય.

હોસ્પિટલમાં અદ્યતન સાધનો, કુશળ ઓપ્થેલ્મોલોજીસ્ટ અને દર્દીઓની નોંધપાત્ર સંખ્યાને કારણે ટ્રેનીગનું કામ શકય બન્યું છે. ફેકો પધ્ધતિથી ઓપરેશન, સ્મોલ ઈન્સીશન કેટરેકટ સર્જરી અને મેડીકલ રેટિનાની ટ્રેનીગ માટે બહારથી ઓપ્થેલ્મોલોજીસ્ટ આવ્યા – વર્ષ દરમિયાન ૧૨ ડોકટરોએ આ તાલીમ લીધી. આ ઉપરાંત મુંબઈના જાણીતા ડોકટર કુલીનભાઈ કોઠારી અને તેમના પુત્ર ડો. સૌમીલભાઈ નવેમ્બરમાં માંડવી આવ્યા અને ઝામર તેમજ અન્ય મુશ્કેલ ગણાતી સર્જરીનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન આપ્યું. જેનો લાભ દિવ્યજયોતિ ટ્રસ્ટના ડોકટરો ઉપરાંત રોટરી આઈ ઈન્સ્ટીટયુટ – નવસારી, આર એનસી ફ્રી આઈ હોસ્પિટલ – વલસાડ તેમજ સેવારૂરલ–ઝઘડીયાના ઓપ્થેલ્મોલોજીસ્ટોએ લીધો.

આ વર્ષે મોતીયા માટેના નિદાન કેમ્પ જે નિયમિત પણે કરીએ જ છીએ, તે ઉપરાંત ડાયાબિટીક રેટીનોપથી અને પિડીયાટ્રીક કેમ્પ એમ સ્પેશ્યાલીટી કેમ્પ પણ કર્યા. નવતર પ્રયોગ તરીકે નેત્રંગ અને ઝંખવાવ ખાતે ટેલીકન્સલ્ટેશનની સુવિધા કરી. પરંતુ નેત્રંગમાં સરકારશ્રી નવું કન્સ્ટ્રકશન કરે છે તેથી, ત્યાં આ કામગીરી થઈ શકતી નથી. ઝંખવાવમાં આ કામગીરી ચાલે છે. જો કે ઈન્ટરનેટની સ્પીડની મર્યાદાને કારણે આ કામગીરી અપેક્ષા મુજબ થઈ શકતી નથી.

સંસ્થા સાથે જોડાયેલા કાર્યકરોની કામ પ્રત્યેની સમજણ વધે, ટીમવર્ક મજબૂત થાય અને ક્ષમતા સંવર્ધન માટેના પ્રયત્નોના ભાગરૂપે જુદા જુદા વિષય પર નિયમિત રીતે કામગીરી કરી. જેમાં ૨૪–૨૫ મે બે દિવસ શૈશવ ભાવનગરથી શ્રી ફાલ્ગુનભાઈ શેઠ અને તેમના સહયોગીએ "ટીમવર્ક" પર વર્કશોપ કર્યો. ત્યારબાદ નવા જોડાયેલા સ્ટાફના સભ્યો સાથે ''વિઝન– મિશન, હકારાત્મક વલણ તથા ટાઈમ મેનેજમેન્ટ" પર વર્કશોપ કર્યા.

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા તૈયાર કરાયેલું "સ્કુલ સ્ક્રીનીંગ મેન્યુઅલ" – વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડિયા દ્વારા જુલાઈ ૨૦૧૪માં પ્રકાશિત કરવામાં આવ્યું. આ મેન્યુઅલ સમગ્ર દેશમાં સ્કુલ સ્ક્રીનીંગ માટે માર્ગદર્શન પુરૂ પાડશે. તે જ પ્રમાણે વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડિયાનો ડાયાબિટીક રેટીનોપથીનો પ્રોટોકોલ પણ દિવ્યજ્યોતિ ટ્રસ્ટની આગેવાની હેઠળ તૈયાર કરવામાં આવ્યો. આ પ્રોટોકોલ તૈયાર કરવા માટે સમગ્ર ભારતના ખ્યાતનામ રેટીના કન્સલ્ટન્ટ દિલ્હી ખાતે એક મંચ પર એકત્ર થયા હતા, જેનું આયોજન પણ દિવ્યજ્યોતિ ટ્રસ્ટે કર્યુ હતુ. આ બાબત ટ્રસ્ટ માટે ઘણી ગૌરવપ્રદ છે.

સંસ્થાની કામગીરી મહદઅંશે ડોનેશન પર જ આધારિત છે તેમાં દાતાઓએ નવી કેડી કંડારી છે. માંડવીના દાતા શ્રી જીવણભાઈ રબારીએ તેમના પૌત્રોના લગ્ન પ્રસંગે ડાયરાનું આયોજન કર્યુ હતું, જેની ઉછામણીમાં આવેલા બધા જ નાણાં અંધ બાળકો માટે ડોનેશનમાં આપ્યા. તે જ પ્રમાણે કોસંબાના રઘુવીરસિંહ ઠાકોરે તેમના દાદીમાના મૃત્યુ પછી પરંપરાગત ઉત્તરક્રિયા ઉપરાંત એક કેમ્પ કરવાનું નકકી કર્યુ.યુવાનો પણ તેમની વર્ષગાંઠ નિમિત્તે તેમજ અમારા સગા – સંબંધીના સંતાનો નવી નોકરીના પ્રથમ પગારના નાણાં ડોનેશનમાં આપવાનું ઉમદા કામ કરી રહયા છે.

હોસ્પિટલની કામગીરીનો વ્યાપ જોતાં હાલની જગ્યા નાની પડવા લાગી અને પાછળની જમીનમાં પાંચ માળના મકાનનું બાંધકામ ૩૦ માર્ચ ૨૦૧૪ના રોજ ભૂમિપૂજન કર્યા પછી શરૂ કર્યુ. જે લગભગ પૂર્ણતાને આરે છે. આ મકાનમાં આઈબેંક માટેના રૂમો, કોન્ફરન્સ રૂમ, કલાસરૂમ, ડોરમેટરી તથા રસોડું અને વહીવટી કચેરી ઉપરાંત ઉપરના ત્રણ માળમાં સ્ટાફ માટે રહેઠાણની સુવિધા કરવામાં આવી છે. મકાનને શરૂઆતથીજ ગ્રીન બિલ્ડીગ બનાવવાના હેતુથી તે પ્રમાણેનું જ આયોજન કર્યુ અને દરેક તબકકે પર્યાવરણની સુરક્ષાના પગલા અપનાવ્યા છે. તેમજ IGBC (ઈન્ડીયન ગ્રીન બિલ્ડીગ કાઉન્સીલ)માં સભ્ય પણ બન્યા છીએ. આ બધા પ્રયત્નોની અખબારોમાં પણ નોંધ લેવાઈ છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં ૪/૮/૧૪ની આવૃતિમાં તેમજ દિવ્યભાસ્કરમાં આ પ્રવૃતિ અંગેનો લેખ છપાયો છે.

## ગરીબો માટે આશીર્વાદરૂપ માંડવી હોસ્પીટલ

મોહનભાઈબાબરભાઈ ચૌધરી, ઉમર વર્ષ ૫૬, ગામ વદેશીયા તા. માંડવી જી. સુરતના રહીશ છે. તેઓ પહેલીવાર જયારે તેજસ આંખની હોસ્પિટલમાં તા. ૮ જૂલાઈ ૧૩ના રોજ આવ્યા ત્યારે તેમની જમણી આંખમાં ખૂંચતું હતું અને આ તકલીફ લગભગ ૭–૮ દિવસથી હતી. હોસ્પિટલમાં તપાસ કરતાં તેમની જમણી આંખની કીકી પર ચાંદુ હોવાનું નિદાન થયું. તેથી તેમને દવા આપીને ફરીવાર બોલાવ્યા હતા. પરંતુ કોઈક કારણસર દવાથી ફેર ન પડતાં તેઓ સુરત બતાવવા ગયા. ત્યાં પણ તેમને દવા આપી હતી. પણ તે દવાથી સારૂ ન થતાં તેઓ ફરીવાર માંડવી તેજસ આંખની હોસ્પિટલમાં આવ્યા, પરંતુ આ વખતે કીકી ઉપર ચેપ ફેલાઈ ગયો હોવાથી કીકી બદલવાનું ઓપરેશન કરવું પડે તેમ હતું. સુરતથી દાનમાં મળેલી કીકી મંગાવીને તેમનું ઓપરેશન કર્યુ. તેથી આંખ બચી ગઈ, પણ દેખાતું થયું નહોતું.

ત્યાર બાદ ફરીથી ૧૮/૮/૧૪ ના રોજ સારી કીકી મળતાં મોતિયાનું અને કીકી બદલવાનું ઓપરેશન કર્યુ હતું. સારી કીકી મળતાં અને મોતિયાનું ઓપરેશન થતાં હવે મોહનભાઈને દેખાતુ થઈ ગયું. તેઓ બધુ કામ કરી શકે છે અને ખેતરમાં પણ કામે જઈ શકે છે. કુટુંબના સભ્યો કુટુંબના વડીલને દેખતા જોઈને ખૂબ જ ખુશ છે. તેઓ જણાવે છે કે જે સારવાર સુરત જેવા મોટા શહેરમાં ન મળી તે સારવાર માંડવી તેજસ આંખની હોસ્પિટલમાં મળી. હવે તેઓ સમાજના દરેક લોકોને કહે છે કે આંખની તકલીફ હોય, તો તેજસ આંખની હોસ્પિટલમાં જ જવું, ત્યાં સાચી માહિતી તેમ જ યોગ્ય સારવાર મળે છે.

## હોસ્પિટલ

હોસ્પિટલની કામગીરીના ૪ વર્ષ દરમિયાન માંડવીની આસપાસના લોકોને આંખની લગભગ બધા પ્રકારની સારવાર ઉપલબ્ધ હોવાને કારણે જે વિશ્વાસ ઉત્પન્ન થયો છે, તેને કારણે દૈનિક ઓપીડી સરેરાશ ૧૫૦ દર્દીની થાય છે. સોમવારે અને ગુરૂવારે આથી પણ વધુ દર્દીઓ આંખની સારવાર માટે આવે છે. આ વર્ષે ૨ ડીસેમ્બરે ૨૪૧ દર્દી અને ૧૬ ફેબ્રુઆરીએ મહત્તમ ૨૫૫ દર્દીની ઓપીડી થઈ. તે જ રીતે ડીસેમ્બર ૧૪ માં મહત્તમ ૯૯૨ જેટલા ઓપરેશનો થયા. ઓપીડીમાં બતાવવા આવતા દર્દીઓનો સમય ન બગડે તે માટે સતત પ્રયત્નશીલ છીએ. ૪૦ વર્ષથી ઉપરની ઉમરના લોકોની ડાયાબિટીસની તપાસ ફરજિયાત હોવાથી કેસબારીપરથી કેસ નીકળે કે તરત જ તેમને લેબોરેટરીમાં જવાનું કહેવામાં આવે અને ૪૦ વર્ષથી નીચેની ઉમરના દર્દીઓનું રીફ્રેકશન કરવામાં આવે. આમ ઓપીડી વેઈટીગ પીરીયડ ઘટાડી શકાયો.

ઓપરેશન થીયેટરની સુવિધા અને ગુણવત્તાની વાત કરીએ, તો આ વર્ષે પહેલે માળે ચોથું ઓપરેશન થીએટર બનાવ્યું. સેપ્ટીક પેશન્ટની સર્જરી અહી જ થાય એવી વ્યવસ્થા ગોઠવી. ઓપરેશન થીએટર (૨)ને રીનોવેટ કર્યું. દરેક ઓપરેશન થીએટરમાં એરટાઈટ દરવાજા લગાડયા અને ઓટીની હવાને શુધ્ધ કરવા લેમીનાર ફ્લોની વ્યવસ્થા કરી.

હોસ્પિટલને સતત આધુનિક સાધનો વડે સુસજ્જ કરતા રહીએ છીએ. જેથી દર્દીને મહત્તમ સુવિધા એક જ છત હેઠળ મળી રહે. આ વર્ષે નવું ફેકો મશીન લોરીયેટ (આલ્કોન કં નું), ઓરોલેબનું ગ્રીન લેસર કોન્સોલ, વેલ્ચ એલાઈન કં નું વીઝન સ્ક્રીનર; ઓટોકલેવ મશીન; સ્કુલ સ્ક્રીનીગ અને ડાયાબિટીક રેટિનોપથીના સ્ક્રીનીગ માટે મોબાઈલ વાન; રીબાઉન્ડ ટોનોમીટર, ટોનોપેન, સ્લીટ લેમ્પ; ઓટોમેટીક બ્લડ પ્રેશર ઈક્વીપમેન્ટસ, એલઈડી ડીસ્પલે દર્શાવતા બ્લડ પ્રેશર ઈક્વીપમેન્ટસ, ઓફસેટ પ્રીન્ટર, આઈઓએલ માસ્ટર અને ફોરસ ફન્ડસ કેમેરા ખરીદ્યા. ઝંખવાવ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ચાલતા આંખ વિભાગ માટે ઈન્વર્ટર અને વિટ્રેકટોમી મશીન ખરીદ્યા.

આંખમાં વેલ હોય તેવાં દર્દીને ટાંકા વગરની સર્જરી કરીને ગ્લુ (એક પ્રકારનો ગુંદર)નો ઉપયોગ કરીને ઓપરેશન કરવામાં આવ્યું. આંખમાં અલ્સરવાળા દર્દીની લેબોરેટરી તપાસ માટે માર્ગદર્શન આપવા માટે અમદાવાદથી ખાસ લેબોરેટરીના જાણકાર ડો. દિનેશભાઈ ખંધાડીયા અને સુરતથી ડો. વી.સી. પોરીયા આવ્યા.

દરેક મશીન–સાધન વાપરવા માટે પ્રોટોકોલ નકકી કર્યા. તે પ્રમાણે કામગીરી થાય તેવો આગ્રહ રાખીએ છીએ. ગુણવત્તા જાળવણી માટે સતત પ્રયત્ન કરીએ છીએ. હોસ્પિટલની કામગીરીમાં અગત્યના ઘટક ગણતા ઓપ્થેલ્મીક આસીસ્ટંટ અને નર્સીસની કાર્યક્ષમતા વધે તે માટે લેખિત પરિક્ષા ઉપરાંત જુદા જુદા વર્કશોપનું આયોજન પણ કરવામાં આવ્યું.

હોસ્પિટલની કામગીરીમાં માંડવીના સ્થાનિક ડોકટરો ડો. શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ (એનેસ્થેટીસ્ટ), ડો. શ્રી મનીષભાઈ કાંગરેચા (ફીઝીશયન), ડો. શ્રી જયેશભાઈ મર્ચન્ટ (ગાયનેકોલોજીસ્ટ) અને લેબ ટેસ્ટ માટે સ્મિત લેબોરેટરીના સંચાલક શ્રી વર્ષેશભાઈનો ઘણો સહકાર મળે છે. સર્જરી માટે ઈસીજી રીપોર્ટ રીડીગ માટે તેમજ ફીટનેસ માટે માંડવીની પુષ્પક હોસ્પિટલના ફીઝીશીયન ડો. મનીષભાઈ કાંગરેચા ગરીબ દર્દી માટે ફ્રી કન્સલ્ટેશન કરી આપે છે. તેમની ઉમદા ભાવના બદલ તેમનો આભાર. નર્સીસ ટ્રેઈનીગ માટે ડો. જયેશભાઈ મર્ચન્ટ, લેબોરેટરીટ્રેનીગ માટેશ્રી વર્ષેશભાઈનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. જનસમૂહનું આ કામ, ખરેખર આવા સહકાર વડે જ શકય બન્યું છે.

પડદાના ડોકટર શિલ્પાબહેન રજા પર હોય કે ટ્રેનીગમાં બહારગામ ગયા હોય ત્યારે સુરતના પડદાના નિષ્ણાંત ડો. ભાવિનભાઈ પટેલ તેમજ બારડોલીના ડો. ખુશ્બુબહેનની પણ સતત મદદ મળતી રહે છે. જેથી પડદાના દર્દીઓને સારવાર આપવામાં ખલેલ પડતી નથી. તેમના આ સૌજન્ય બદલ ખૂબ ખૂબ આભાર.

સમયાંતરે બહારના વ્યકિત/સંસ્થા દ્વારા દિવ્યજયોતિ ટ્રસ્ટની પ્રવૃતિઓનું મુલ્યાંકન કરાવવામાં આવે છે. તેના ભાગરૂપે આ વર્ષે અરવિંદ આઈ હોસ્પિટલની પોંડીચેરી શાખામાંથી કુ. પ્રિયાબહેન ૧૯ થી ૨૪ મે ૨૦૧૪ દરમિયાન ૧ અઠવાડીયા માટે આવ્યા અને હોસ્પિટલની વહીવટી ક્ષમતા વધારવા ખૂબ ઉપયોગી સૂચન કર્યા.

માનનીય ભારત સરકારે ચક્ષુદાનમાટેની આંખ કાઢવાની કામગીરી ઓપ્થેલ્મીક આસીસ્ટંટ પણ કરી શકે એવી પરવાનગી આપી હોવાથી ઓપ્થેલ્મીક આસીસ્ટંટ શ્રી પ્રદીપભાઈ પટેલ આ કામગીરી કરે છે. તેમજ ઓપ્થેલ્મીક આસીસ્ટંટની ટ્રેનીગ મેળવેલા શ્રી યતીન મિસ્ત્રી ચક્ષુદાન માટે આંખો (કોર્નિયા) કાઢવાની કામગીરી કુશળતાથી કરે છે. ઓપ્થેલ્મીક આસીસ્ટંટ શ્રી ચિરાગ ટેલર પણ આ કામગીરી શીખી રહયા છે. જે ઘણી ગર્વની વાત છે.

દર્દી લક્ષી અભિગમ અપનાવવાના ભાગ રૂપે દર્દીને ચશ્મા લેવા ધક્કો ન ખાવો પડે તે માટે ચશ્મા બનાવવા સાદા કાચ ઘસીને/ શેપ આપવાનું લેથ મશીન ખરીદ્યું છે. તેનાથી દર રોજ ૨૫ થી ૩૦% દર્દીઓને ઓર્ડર આપ્યો હોય, તે જ દિવસે ચશ્મા બનાવીને આપી શકાય છે.

સંસ્થાના રોજબરોજના કામના નિયમિત મોનીટરીંગ માટે શ્રી વિનોદભાઈ ધોળકીયા કાર્યરત છે. તદુપરાંત મહિનામાં એક વાર શ્રી અરવિંદભાઈ દેસાઈ વલસાડથી નિયમિત રીતે આવીને મોનીટરીંગ કરી રહયા છે.

વર્ષ દરમિયાન ડોકટરો પૈકી ડો. અર્ચના ચૌધરી લગ્ન થવાને કારણે અને ડો. ચિંતન ધોળકીયા બે વર્ષ પુરા થતાં છૂટા થયા. ડો. જાગૃતિ જરીવાળા બે વર્ષ માટે જોડાયા. ડો. દેવાંશી શાહ અને ડો. ઉપાસના પટેલ એક વર્ષ માટે કોમ્પ્રીહેન્સીવ ફેલો તરીકે જોડાયા.

ડોકટરની જેમ દવાની દુકાનમાં ફાર્માસીસ્ટની આવન જાવન થતી રહે છે. માર્ચ ૨૦૧૪ થી માંડવીની નજીકના ગામ તરસાડાના ખ્યાતિબહેન મહીડા જોડાયા.

## નવી ટેકનોલોજીના ઉપયોગથી એક કીકી વડે બે દર્દીને મદદ

સુરતના ૬૨ વર્ષીય રાધાબહેન એકંદરે સુખી કુટુંબના વડીલ છે. તેમને જમણી આંખમાં દેખાતું બંધ થઈ ગયું હતું અને સુરતમાં જ બતાવ્યું હતું, પણ તેમના સગાએ તેમને માંડવી બતાવવાનું સૂચન કર્યુ.

માંડવીમાં તપાસ કરતાં તેમની કીકી ખરાબ થઈ ગઈ હોવાનું નિદાન થયું. આથી તેમને કીકીના ડોકટર ડૉ. સોનીયાબહેન કોઠારી આવે ત્યારે બોલાવવામાં આવ્યા. અને તે જ દિવસે દાનમાં સારી કીકી પણ મળી હતી. ડો. સોનિયાબહેને લેમેલર કેરેટોપ્લાસ્ટી (૧ કીકીના બે પડ દ્વારા બે વ્યકિતને દ્રષ્ટિ મળી શકે તેવું ઓપરેશન) કરીને રાધાબહેનનું ઓપરેશન કર્યુ. પરંતુ તેમને દેખાતું થયું નહોતું. આથી બીજી વાર તેમનું ઓપરેશન કરવું પડયું. પરંતુ બીજી વાર ઓપરેશન કર્યા પછી તેમને સારૂ દેખાતું થઈ ગયું. આથી રાધાબહેન ખુબ ખુશ થઈ ગયા, કારણકે છેલ્લા આઠ–નવ મહિનાથી જે આંખમાં દેખાતું નહોતું – તેમાં દેખાતું થઈ ગયું હતું. તેમના ઘરના સભ્યો પણ ખૂબ જ ખુશ થઈ ગયા હતા. રાધાબહેન અને તેમના કુટુંબના સભ્યો હોસ્પિટલનો ખુબ આભાર માને છે.

## ટેબલ નં. ૧ – હોસ્પિટલ ઓપીડીની આંકડાકીય માહિતી

| વર્ષ | નવા | | જુના | | બાળકો નવા | | બાળકો જુના | | આદિવાસી | બિન આદિવાસી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | | | |
| ૨૦૧૨-૧૩ | ૧૪૮૪૬ | ૧૩૪૧૪ | ૭૦૭૪ | ૬૫૨૯ | ૧૧૯૨ | ૧૧૧૯ | ૪૯૩ | ૨૯૭ | ૩૨૭૮૮ | ૧૨૧૭૬ | ૪૪૯૬૪ |
| ૨૦૧૩-૧૪ | ૧૭૬૮૪ | ૧૪૮૪૮ | ૮૭૬૪ | ૭૨૪૫ | ૧૬૪૨ | ૧૪૧૨ | ૬૨૩ | ૩૬૧ | ૩૩૮૮૩ | ૧૮૬૯૬ | ૫૨૫૭૯ |
| ૨૦૧૪-૧૫ | ૨૧૯૦૭ | ૧૯૧૪૪ | ૯૪૦૪ | ૭૪૫૩ | ૧૭૪૬ | ૧૪૮૬ | ૫૪૨ | ૩૯૬ | ૪૦૮૫૬ | ૨૧૨૨૨ | ૬૨૦૭૮ |






## સ્પેશ્યાલીટી કલીનીક

એક જ છત હેઠળ આંખની તમામ પ્રકારની સારવાર મળી રહે એવું આયોજન હોસ્પિટલની શરૂઆતથી જ કર્યું હતું. તેથી શરૂઆતમાં જુદા જુદા કન્સલ્ટન્ટ સુરત, મુંબઈ, વડોદરા તથા અમદાવાદથી નિયમિત રીતે આવીને મદદરૂપ થયા હતા. સ્પેશ્યાલીટી કલીનીકની કામગીરી નીચે મુજબ વર્ણવી છે. તેમજ આંકડાકીય માહિતી ટેબલ નંબર (૨) માં દર્શાવ્યા મુજબ છે.

**(૧) રેટીના કલીનીક :–** હોસ્પિટલના પ્રથમ દિવસેજ (૨૨/૦૫/૧૧) અમદાવાદના ડો. પી.એન નાગપાલ સાહેબે ડાયાબિટીક રેટીનોપથીના દર્દીઓની તપાસ કરી હતી. ત્યારબાદ ૧૫ દિવસે એક વાર વડોદરાથી ડો. માધવીબેન શેઠ તેમજ અમદાવાદથી ડો. અમીષભાઈ પટેલે પડદાની તપાસ અને સારવારની કામગીરી શરૂ કરી. જાન્યુ ૧૨ થી ડો. ખુશ્બુબહેન જોડાતા આ કામગીરી ખૂબ ઝડપથી આગળ વધી અને કાકરાપાર અણુમથકના CSR પ્રોજેકટ હેઠળ વિટ્રેકટોમી મશીન દાનમાં મળતાં જ આજુબાજુના વિસ્તારમાં પણ રેટીના કલીનીકની કામગીરી પ્રશંસાપાત્ર બની. તદ્દન મફત કે અત્યંત કિફાયતી રીતે પડદાની સારવાર કરનાર સંસ્થા અમદાવાદ – નગરી હોસ્પિટલ સિવાય ગુજરાતમાં કોઈ નથી, તેથી દૂર દૂરથી પણ ઘણા દર્દીઓ આ સારવાર માટે આવે છે. હાલ ડો. શિલ્પાબહેન પટેલ આ કામગીરી સંભાળી રહયા છે. તેઓને પણ પહોંચી વળવામાં તકલીફ પડે એટલા દર્દીઓ આવી રહયા છે.

**(૨) ગ્લુકોમા કલીનીક (ઝામરની તપાસ) :–** શરૂઆતમાં મુંબઈથી ડો. મીનાબહેન દોશી મહિનામાં એક વાર આવીને ઝામરના દર્દીઓની સારવાર કરતાં હતાં. તેમની મુલાકાત દરમિયાન જણાયું કે ઝામરના દર્દીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. તેથી ડો. શીતલબહેન ચૌધરી ગ્લુકોમાની ૨ માસની તાલીમ માટે પૂના જઈ આવ્યા. હવે તેઓ નિયમિત રીતે ઝામરના દર્દીઓની તપાસ અને સારવારની કામગીરી સંભાળી રહયા છે. ઝામરના દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે અને જેમ લોકોને ખબર પડશે તેમ આ કામ પણ વધતું જશે.

**(૩) કીકીના રોગોની તપાસ :–** માંડવીની આજુબાજુનો વિસ્તાર જંગલ તેમજ ખેતી આધારિત હોવાથી આંખમાં પાંદડું,જીવડું કે અનાજના દાણા વાગવાથી કીકીને થતી ઈજાનું પ્રમાણ વધુ છે. તેથી શરૂઆતમાં મુંબઈથી ડો. બીજલ બહેન મહેતા, ડો. પ્રકાશભાઈ નાયક આ દર્દીઓની સંભાળ લેતા હતા. ડો. રોહન ચરીવાળા એ કીકી બદલવાના ઘણા ઓપરેશન કર્યા. આ ઉપરાંત હાલ સુરતથી ડો. રોહન ઠકકર તેમજ મુંબઈથી ડો. સોનીયાબહેન કોઠારી દર્દીઓની સારવારનું કામ સંભાળી રહયા છે.

કીકી બદલવાનું કામ ઘણું આયોજન અને સંકલન માગી લેતું કામ છે. વળી આઈ બેંકની સુવિધા ન રહેવાથી હૈદ્રાબાદ કે નવસારી થી મંગાવવી પડતી આંખો મોંઘી અને વધારે સમય માંગી લેતી કામગીરી છે છતાં પણ આ કામગીરી ઘણી સારી રીતે થઈ રહી છે. કોર્નીયા કલીનીક પણ ટૂંક સમયમાં ખુબ સુંદર કામગીરી દર્શાવી રહયું છે.

ગુજરાતભરમાં એક વર્ષમાં ૧૦૦ થી વધુ કીકી બદલવાના ઓપરેશન કરનાર હોસ્પિટલમાં દિવ્યજ્યોતિ ટ્રસ્ટનું નામ અગ્રીમ છે જે ઘણા ગર્વની વાત છે.

**(૪) આંખની પ્લાસ્ટીક સર્જરી :–** આ કામગીરી શરૂઆતથી જ અમદાવાદના ડોકટર બકુલભાઈ ત્રિવેદી સંભાળી રહયા છે. છેલ્લા બે એક વર્ષથી સુરત થી ડો. સૌરીનભાઈ ગાંધી નિયમીત રીતે દર મહિને એકવાર આવીને મુશ્કેલ સર્જરીઓ કરી રહયા છે.

હોસ્પિટલમાં ડો. પાર્થ જોષી પણ આ દર્દીઓના ઓપરેશન અને ફોલોઅપની કામગીરી નિયમિત રીતે સંભાળી રહયા છે.

**(૫) બાળકોની આંખની સારવાર :–** આ કામગીરી શરૂઆતથીજ સુરતના ડો. નીતિનભાઈ જૈન સંભાળી રહયા છે. તેઓ હજુ પણ નિયમિત રીતે મહિનામાં એક વાર આવીને બાળકોની આંખની સારવાર કરી રહયા છે. બાળકોને દ્રષ્ટિદાન મળવાથી તેઓની આખી જીંદગી સુધરી જાય છે.

આ વર્ષે પીડીયાટ્રીક કેમ્પ પણ કર્યા અને ઘણા બાળકોએ તેનો લાભ લીધો.

**(૬) ન્યુરો ઓપ્થેલ્મોલોજી :–** આ વિશેની કામગીરી શરૂઆતમાં નહોતી કરી શકાઈ. પરંતુ સુરતના ડો. તનુજાબહેન રાખેએ મહિનામાં એકવાર આવવાનું શરૂ કર્યા પછી આ દર્દીઓ ની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો. એટલેકે અમારી ધારણાથી વધુ લોકો આ તકલીફવાળા જોવા મળ્યા જેમને સારવાર આપવાથી ઘણી રાહત થઈ શકી. હવે ડો. તનુજાબહેંન દર મહિને બે વાર આવે છે.

**(૭) લો – વીઝન :–** લો વીઝન ના દર્દીઓની સંભાળ ડો. રોહન ચરીવાળા લઈ રહયા છે. આ માટેના સાધનો ઉપલબ્ધ છે.

## ટેબલ નં. ૨ – સ્પેશ્યાલીટી કામની આંકડાકીય માહિતી

| સ્પેશ્યાલીટી | ઓપીડી | | | સર્જરી | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૨-૨૦૧૩ | ૨૦૧૩-૨૦૧૪ | ૨૦૧૪-૨૦૧૫ | ૨૦૧૨-૨૦૧૩ | ૨૦૧૩-૨૦૧૪ | ૨૦૧૪-૨૦૧૫ |
| પડદાની તપાસ | ૧૨૮૧ | ૩૬૦૫ | ૫૨૯૭ | ૯૧૭ | ૮૪૮ | ૯૬૫ |
| ઝામરની તપાસ | ૧૫૦ | ૧૨૨૯ | ૨૪૧૪ | ૯ | ૧૫ | ૩૩ |
| કીકીના રોગોની તપાસ | ૫૫૨ | ૧૫૩૪ | ૧૭૯૬ | ૬૮ | ૯૮ | ૧૧૩ |
| આંખની પ્લાસ્ટીક સર્જરી | ૧૨૫ | ૨૯૫ | ૨૦૭ | ૯૪ | ૨૦૨ | ૧૬૫ |
| બાળકોની આંખ તપાસ | ૩૧૦૧ | ૪૦૩૮ | ૪૧૭૦ | ૬૮ | ૯૩ | ૧૨૬ |
| ન્યુરો ઓપ્થેલમોલોજી | ૦ | ૧૯૪ | ૧૬૦ | ૦ | ૦ | ૦ |
| લો વિઝન | ૧ | ૨૮૪ | ૧૨૩ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૫૨૧૦ | ૧૧૧૭૯ | ૧૪૧૬૭ | ૧૧૫૬ | ૧૨૫૬ | ૧૪૦૨ |







### અમારી વિડંબણા

છનીબેન નગીનભાઈ રાઠોડ ઉમર વર્ષ (૫૨), ગામ તડકેશ્વર તા. માંડવી જી. સુરતના રહીશ છે. તેમના પતિ મૃત્યુ પામ્યા છે અને તેમને દેખાતું ન હોવાથી દીકરીના સાસરે રહેતા હતા. કરંજ ગામમાં નેત્ર નિદાન કેમ્પમાં તેઓ બતાવવા આવ્યા ત્યારે બન્ને આંખમાં મોતિયાનું નિદાન થયું.

ઓપરેશનના નામથી ગભરાઈ ગયેલા છનીબેનને ઘણી સમજાવટને અંતે ઓપરેશન માટે તૈયાર કર્યા અને બન્ને આંખે વારાફરતી ઓપરેશન કર્યા અને બન્ને આંખમાં સારૂં દેખાતુ થઈ ગયું. ત્યારબાદ તેમને ઘરે જવા રજા આપી.

૪–૫ દિવસ પછી તેમની જમણી આંખમાં થોડો સોજો જણાતાં હોસ્પિટલમાં દાખલ થવા જણાવ્યું. તેઓ દાખલ તો થયા પણ અચાનક જ કોઈને કહયા વગર ઘરે જતા રહયા. તેથી સ્ટાફ ગાડી લઈને તેમને ઘરેથી શોધી લાવ્યા અને સારવાર ચાલુ કરી. પણ ફરીથી તેઓ ઘરે જતા રહયા આથી ફરી તેમને ગાડીમાં લઈ આવ્યા. ઘણી મહેનત અને સમજાવટ પછી છનીબેને સારવાર કરવા દીધી અને જમણી આંખમાં થોડું દેખાતું થયું છે જોકે ડાબી આંખમાં તો સારૂં દેખાય જ છે. હવે છનીબેન બધું જ કામ જાતે કરી શકે છે.

તેમની દીકરી કહે છે કે "જે સમજી નથી શકતા, તેવા લોકો માટે – ગરીબો માટે આવી કાળજી રાખનાર હોસ્પિટલ તો ખૂબ ઓછી જ હશે. ખરેખર તમે લોકોને માટે આશીર્વાદ રૂપ છો."

## ટેબલ નં. ૩ – ભૌગોલીક વિસ્તાર પ્રમાણે કુલ કામગીરી

| રાજય/જીલ્લો | નવા | | જૂના | | કુલ | | દાખલ દર્દી | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુજરાત | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ |
| સુરત | ૨૨૮૫૬ | ૨૭૦૬૧ | ૧૩૩૦૨ | ૧૩૦૮૯ | ૩૬૧૫૮ | ૪૦૧૫૦ | ૩૩૨૨ | ૩૩૮૬ |
| તાપી | ૫૮૧૧ | ૭૬૫૧ | ૧૨૫૭ | ૧૯૯૬ | ૭૦૬૮ | ૯૬૪૭ | ૭૮૬ | ૧૩૮૬ |
| ભરૂચ | ૨૩૦૪ | ૩૭૧૭ | ૧૩૨૧ | ૧૨૫૧ | ૩૬૨૫ | ૪૯૬૮ | ૫૩૭ | ૪૩૩ |
| નર્મદા | ૪૫૪ | ૧૬૯ | ૨૫૫ | ૨૫૨ | ૭૦૯ | ૪૨૧ | ૧૦૭ | ૮૪ |
| નવસારી | ૨૦૨૮ | ૩૯૧૦ | ૨૪૬ | ૫૮૦ | ૨૨૭૪ | ૪૪૯૦ | ૧૦૫ | ૫૭૫ |
| વલસાડ | ૧૩૬ | ૭૮ | ૧૦૨ | ૧૫૧ | ૨૩૮ | ૨૨૯ | ૪૭ | ૫૦ |
| ગુજરાતના અન્ય તાલુકા | ૬૨૧ | ૯૭ | ૧૨૭ | ૬૯ | ૭૪૮ | ૧૬૬ | ૭૨ | ૧૪ |
| અન્ય રાજયના | ૩૧ | ૩ | ૪૮ | ૨૯ | ૭૯ | ૩૨ | ૧૨ | ૪ |
| મહારાષ્ટ્રના અન્ય તાલુકા | ૧૨૨ | ૨૦ | ૧૨૫ | ૬૩ | ૨૪૭ | ૮૩ | ૨૮ | ૧૯ |
| નંદુરબાર | ૧૨૨૩ | ૧૫૭૭ | ૨૧૦ | ૩૧૫ | ૧૪૩૩ | ૧૮૯૨ | ૨૨૮ | ૩૨૦ |
| **કુલ ટોટલ** | **૩૫૫૮૬** | **૪૪૨૮૩** | **૧૬૯૯૩** | **૧૭૭૯૫** | **૫૨૫૭૯** | **૬૨૦૭૮** | **૫૬૮૯** | **૬૫૨૯** |
| નેત્રંગ | ૩૩૯૦ | ૩૬૭૯ | ૧૦૮૦ | ૯૭૩ | ૪૪૭૦ | ૪૬૫૨ | ૩૧૫ | ૫૮* |
| ઝંખવાવ | ૧૭૬૫ | ૧૫૯૦ | ૮૫૮ | ૬૪૨ | ૨૬૨૩ | ૨૨૩૨ | ૧૨૯ | ૧૭૪ |
| કુલ | ૪૦૭૪૧ | ૪૯૫૫૨ | ૧૮૯૩૧ | ૧૯૪૧૦ | ૫૯૬૭૨ | ૬૮૯૬૨ | ૬૧૩૩ | ૬૭૬૧ |

*નેત્રંગમાં ઓપરેશન થીયેટર બાંધવાનું કામ ચાલુ હોવાથી સર્જરી ઝંખવાવ ખાતે અથવા માંડવી ખાતે કરવામાં આવે છે.

## ટેબલ નં. ૪ – ઓપરેશન કામગીરી

| સર્જરીનું નામ | સ્થિતિપાત્ર દર્દીઓ | | અંશતઃ માફી | | સંપૂર્ણ માફી | | કુલ ઓપરેશન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૪–૨૦૧૫ | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૪–૨૦૧૫ | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૪–૨૦૧૫ | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૪–૨૦૧૫ |
| મોતિયો ફેકો વડે નેત્રમણિ સહિત | ૨૨૩ | ૩૧૧ | ૦ | ૦ | ૪૦૨ | ૮૪૨ | ૬૨૫ | ૧૧૫૩ |
| મોતિયાનું ટાંકા વગર નેત્રમણિ સાથે | ૩૫૭ | ૩૨૮ | ૧૮૧ | ૨૪૧ | ૨૯૩૩ | ૩૧૪૧ | ૩૪૭૧ | ૩૭૧૦ |
| સાદો મોતિયો – નેત્રમણિવિના | ૩ | ૧ | ૧ | ૨ | ૧૨ | ૧૬ | ૧૬ | ૧૯ |
| મોતિયો–ઝામર–નેત્રમણિ | ૫ | ૧૨ | ૦ | ૧ | ૧૮ | ૨૯ | ૨૩ | ૪૨ |
| મોતિયો–વેલ–નેત્રમણિ | ૧૦ | ૬ | ૪ | ૪ | ૮૫ | ૮૫ | ૯૯ | ૯૫ |
| ઝામરનું ઓપરેશન | ૨ | ૧૩ | ૧ | ૨ | ૭ | ૧૪ | ૧૦ | ૨૯ |
| કીકી બદલવાનું ઓપરેશન | ૧૬ | ૯ | ૬ | ૩ | ૬૯ | ૧૦૧ | ૯૧ | ૧૧૩ |
| એવાસ્ટીન ઈંજેકશન | ૨૭૬ | ૨૩૫ | ૮ | ૩૭ | ૭૮ | ૩૯ | ૪૨૨ | ૩૧૧ |
| વેલ | ૩૪ | ૫૭ | ૧૧ | ૮ | ૯૮ | ૧૬૧ | ૧૪૩ | ૨૨૬ |
| ખસી ગયેલ પડદાનું ઓપરેશન | ૪ | ૧૫ | ૫ | ૪ | ૪ | ૧૩ | ૧૩ | ૩૨ |
| વિટ્રેક્ટોમી | ૨૯ | ૩૨ | ૪૦ | ૪૯ | ૬૯ | ૧૦૦ | ૧૩૮ | ૧૮૧ |
| નાસુરનું ઓપરેશન | ૨૨ | ૧૭ | ૬ | ૩ | ૩૭ | ૪૫ | ૬૫ | ૬૫ |
| રેટીના ડીટેચમેન્ટ + વિટ્રેક્ટોમી | ૮ | ૧૨ | ૨૨ | ૧૦ | ૩૭ | ૨૨ | ૬૭ | ૪૪ |
| મોતિયો–વિટ્રેક્ટોમી–નેત્રમણી | ૩ | ૧૦ | ૮ | ૨૬ | ૭૧ | ૧૨૩ | ૮૨ | ૧૫૯ |
| પડદાની અન્ય સારવાર | ૯ | ૪૩ | ૫ | ૧૧ | ૧૭ | ૪૦ | ૩૧ | ૯૪ |
| ઢળેલી પાંપણની શસ્ત્રક્રિયા | ૨૬ | ૧૭ | ૭ | ૧૨ | ૩૨ | ૩૯ | ૬૫ | ૬૮ |
| ત્રાંસી આંખ | ૩ | ૧૦ | ૮ | ૭ | ૭ | ૧૨ | ૧૮ | ૨૯ |
| અન્ય ઓપરેશન | ૩૩ | ૩૬ | ૧૬ | ૧૫ | ૮૬ | ૧૧૦ | ૧૩૫ | ૧૬૧ |
| ચેલેઝીયોન (આંજણી) | ૩૭ | ૪૪ | ૦ | ૧ | ૩ | ૬ | ૪૦ | ૫૧ |
| આંખમાંથી કચરૂં કાઢવાની પ્રક્રિયા | ૪૪૪ | ૪૫૫ | ૫ | ૧૭ | ૮ | ૯ | ૪૫૭ | ૪૮૧ |
| મોતિયાપછી થતી છારી કાઢવાનું લેસર | ૨૯૧ | ૪૯૦ | ૪૯ | ૪૯ | ૨૬૨ | ૩૫૨ | ૬૦૨ | ૮૯૧ |
| લેસર વડે પડદાની સારવાર | ૨૦૪ | ૩૬૨ | ૩૬ | ૪૭ | ૪૧ | ૧૧૯ | ૨૮૧ | ૫૨૮ |
| કુલ | ૨૦૩૯ | ૨૫૧૫ | ૪૭૯ | ૫૪૯ | ૪૩૭૬ | ૫૪૧૮ | ૬૮૯૪ | ૮૪૮૨ |

## તાલીમ પ્રવૃતિ

શરૂઆતથી જ સ્ટાફની ક્ષમતા અને કાર્યકુશળતા વધે તે માટેના પ્રયત્નો સતત ચાલુ જ છે. આ વર્ષે સ્ટાફના બધા સભ્યોનો બે બેચમાં શૈક્ષણિક પ્રવાસ –તા. ૧૦/૦૫/૧૪ અને ૩૧/૦૫/૧૪ના રોજ આર.એન.સી હોસ્પિટલ – વલસાડ અને ગ્રામ સેવા ટ્રસ્ટ – ખારેલનો કર્યો. તે ઉપરાંત બિહારમાં ભણશાળી ટ્રસ્ટ દ્વારા યોજાતા મેગા આઈ કેમ્પમાં ડોકટરો અને ટેકનીકલ સ્ટાફને મોકલવામાં આવે છે. આ વર્ષે ડો. પાર્થ જોશી, ડો. ધવત સુખારામવાલા અને ડો. ચિંતન ધોળકીયા ઉપરાંત દીપક વસાવા, રેખા વસાવા અને લતા સોલંકી પણ બિહારના કેમ્પમાં જઈ આવ્યા. તેઓએ મોટી સંખ્યામાં સર્જરી કરવાનો / આસીસ્ટ કરવાનો અનુભવ મેળવ્યો.હોસ્પિટલના બધા ઓપ્થેલ્મીક આસીસ્ટંટ અને કાઉન્સેલર માટે અમદાવાદ ખાતે કાઉન્સેલીગનો વર્કશોપ કર્યો.ફાલ્ગુનભાઈ દ્વારા ટીમ બીલ્ડીગનો વર્કશોપ સ્ટાફના સભ્યો માટે કર્યો. ડો. ભદ્રાબહેન શાહે " કર્મયોગ" વિષય પર વાર્તાલાપ કર્યો. ૫ 'S' મેનેજમેન્ટ સીસ્ટમ પર શ્રીમતી સીમાબેન પરીખે વર્કશોપ કર્યો. ફૂડ એન્ડ ન્યૂટ્રીશન વિષય પર ડાયેટીશ્યન શ્રીમતી સીના બુકસેલરે સમજ આપી.

આ ઉપરાંત બહારના સ્ટાફ/ડોકટર્સની તાલીમ તેમજ વ્યકિતગત રીતે અમારા સ્ટાફની તાલીમની વિગત નીચે દર્શાવેલ ટેબલમાં આપી છે.

### હોસ્પિટલ સ્ટાફની તાલીમ

| ક્રમ | ભાગ લેનાર | વિષય | રીસોર્સ પર્સન / સંસ્થા | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | નર્સીંગ સ્ટાફ | હેન્ડ હાઈજીન | ડો. ચિંતનભાઈ / ડો. પાર્થભાઈ | માંડવી |
| ૨ | ઓપ્થેલ્મીક આસીસ્ટંટ | (નવી બેચ ) ૬ માસ | હોસ્પિટલના ડોકટર્સ / પેરામેડીકલ | માંડવી |
| ૩ | ઓપ્થેલ્મીક નર્સીંગ | નવી બેચ ૧ વર્ષ | હોસ્પિટલના ડોકટર્સ / પેરામેડીકલ સ્ટાફ | માંડવી |
| ૪ | પ્રદીપ પટેલ | કોમ્યુનીટી આઉટરીચ | અરવિંદ આઈ હોસ્પિટલ | પોંડીચેરી |
| ૫ | યતીન મિસ્ત્રી | રેટીનોસ્કોપી | ગોમાબાઈ નેત્રાલય | નીમચ, મધ્યપ્રદેશ |
| ૬ | અલ્પેશ મિસ્ત્રી | ઓકયુલર પ્રોસ્થેસીસ | અરવિંદ આઈ હોસ્પિટલ | મદુરાઈ (તમીલનાડુ) |
| ૭ | ડો. ચિંતન ધોળકીયા | ગ્લુકોમા શોર્ટટર્મ ફેલોશીપ | નારાયણ નેત્રાલય | બેંગ્લોર |
| ૮ | નર્સીંગ ટ્રેનીગ | નવા જોડાયેલા નર્સ સ્ટાફ | ૩ માસ –હોસ્પિટલ સ્ટાફ | માંડવી |
| ૯ | અંધજન પુનર્વસન કાર્યકરની તાલીમ | મોડયુલ ૧ (૧૫ દિવસ) | – | માંડવી |
| ૧૦ | વિમલ પ્રજાપતિ | હોસ્પિટલ એડમીનીસ્ટ્રેશન | ૧ માસ અરવિંદ આઈ હોસ્પિટલ | મદુરાઈ (તમીલનાડુ) |

### તાલીમ પ્રવૃતિ (બહારના સ્ટાફ / ડોકટર્સ)

| ક્રમ | નામ | વિગત | સ્થળ | તારીખ |
|---|---|---|---|---|
| ૧ | કુલદીપ રાઠોડ | હોસ્પિટલ એડમીનીસ્ટ્રેટર | ચોરવાડ | એપ્રિલ૧૪ થી મે ૧૪ |
| ૨ | ડો. ચિંતન ગાંધી | ફેકો ઈમલ્સીફીકેશન | બારડોલી | જૂન ૧૪ |
| ૩ | ડો. સાયન્તન ભટ્ટાચાર્ય | ફેકો ઈમલ્સીફીકેશન | સુરત | જૂલાઈ ૧૪ |
| ૪ | ડો. ગીતિકા શ્રીવાસ્તવ | એસઆઈસી એસ | સુરેન્દ્રનગર | ઓગષ્ટ ૧૪ |
| ૫ | ડો. માનસી દેસાઈ | એસઆઈસી એસ | બીલીમોરા | સપ્ટે ૧૪ થી ઓકટો ૧૪ |
| ૬ | ડો. સૌરભ પટેલ | ફેકોઈમલ્સીફીકેશન | સુરત | ઓકટો.૧૪ |
| ૭ | ડો. તુષાર પટેલ | એસઆઈસી એસ | સુરત | નવે ૧૪ થી ડીસે૧૪ |
| ૮ | ડો. વિપુલ માલવીયા | ફેકોઈમલ્સીફીકેશન | સુરત | નવે.૧૪ |
| ૯ | ડો. ગણેશ | ફેકોઈમલ્સીફીકેશન | ઝઘડીયા | નવે.૧૪ |
| ૧૦ | ડો. કૃણાલ ભાવસાર | ફેકોઈમલ્સીફીકેશન | સુરત | ડીસે.૧૪ |
| ૧૧ | ડો. દેવાંશી શાહ | ફેકોઈમલ્સીફીકેશન | મુંબઈ | જાન્યુ.૧૫ |
| ૧૨ | ડો. અંકિતા શાહ | ફેકોઈમલ્સીફીકેશન | બીલીમોરા | ફેબ્રુ.૧૫ |
| ૧૩ | ડો. પાર્થ ગાંધી | ફેકોઈમલ્સીફીકેશન | રાજકોટ | માર્ચ ૧૫ |
| ૧૪ | શુરવિરસિંહ રાઠોડ | ઓપ્થેલ્મીક આસીસ્ટંટ / ચશ્મા ફીટીગ | રણાસણ | ફેબ્રુ ૧૫ થી ઓકટો.૧૫ |
| ૧૫ | સેવા સદન આઈ હોસ્પિટલ ટીમ. | સ્કુલ સ્ક્રીનીગ | ભોપાલ | ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી |

## વર્કશોપ અને કોન્ફરન્સમાં હાજરી અને પ્રેઝન્ટેશન

દિવ્યજયોતિ ટ્રસ્ટ દ્વારા એકેડેમીક એકટીવીટીના ભાગ રૂપે ડોકટરોને વિવિધ કોન્ફરન્સ અને વર્કશોપમાં ભાગ લેવાની તક આપવામાં આવે છે. જેમાં કેટલીકવાર પેપર્સ કે પોસ્ટર પ્રેઝન્ટેશનની પણ તક મળે છે. વડોદરા ઓપ્થેલ્મોલોજીકલ સોસાયટી આયોજીત ફિલ્મ ફેસ્ટીવલમાં દર્દીની કંજકટાઈવામાંથી કીડો કાઢયો હતો, તેની વિડીયો રજૂ કરી. આ જ વિડીયો દિલ્હી અને અમદાવાદની ઓપ્થેલ્મોલોજીસ્ટની મિટીગમાં પણ રજૂ કર્યો. વર્ષ દરમિયાન થયેલ આ કામગીરીની વિગત નીચે દર્શાવેલા ટેબલમાં આપી છે.

| ક્રમ | સ્ટાફનું નામ | સ્થળ | તારીખ | વિષય | વિગત |
|---|---|---|---|---|---|
| ૧. | ડો. રોહનભાઈ ચરીવાળા | દિલ્હી | ૧૨ થી ૧૪ એપ્રીલ | દિલ્હી ઓપ્થેલ્મોલોજી સોસાયટી કોન્ફરન્સ | રીસોર્સ પર્સન |
| ૨. | ડો. ઉદયભાઈ ગજીવાળા | હૈદ્રાબાદ | ૧૨ થી ૧૪ એપ્રીલ | ડાયાબિટીક રેટીનોપથી સીચ્યુએશનલ એનાલિસીસ | રીસોર્સ પર્સન |
| ૩. | ડો. ચિંતનભાઈ / ડો. ધવતભાઈ | સુરત | ૧૬/૪/૧૪ | રીફ્રેકટીવ કેટરેકટ સર્જરી | સહભાગી |
| ૪. | ડો. શિલ્પાબેન/ ડો. અર્ચનાબેન | સુરત | ૨૦/૪/૧૪ | મેડીકલ રેટીના | સહભાગી |
| ૫. | ડો. ઉદયભાઈ ગજીવાળા | કોલકાતા | ૨૪/૨૫ મે ૧૪ | કેટરેકટ કવોલીટી સર્વીસ | રીસોર્સ પર્સન |
| ૬. | ડો. ઉદયભાઈ ગજીવાળા | હૈદ્રાબાદ | ૨ – ૩ જૂન | લાયન્સ ઈન્ટરનેશનલ કમિટી મિટીગ | સહભાગી |
| ૭. | ડો. શીતલ ચૌધરી | અમદાવાદ | ૧૫ જૂન | ગ્લુકોમા મીટીગ | સહભાગી |
| ૮. | ડો. શીતલ ચૌધરી | દિલ્હી | ૨૧ – ૨૨ જૂન | ગ્લુકોમા કોન્ફરન્સ | રીસોર્સ પર્સન |
| ૯. | ડો. ઉદયભાઈ ગજીવાળા | ગાંધીનગર | ૨૪ જૂન | (પ્રોટોકોલ વર્કશોપ – ગર્વમેન્ટ ઓફ ગુજરાત) | રીસોર્સ પર્સન |
| ૧૦. | | સુરત | ૨૬ જૂન | | |
| ૧૧. | | રાજકોટ | ૨૮ જૂન | | |
| ૧૨. | | વડોદરા | ૨ જૂલાઈ | | |
| ૧૩. | ડો. અર્ચના ચૌધરી / કુ. દિપીકા વસાવા | સુરત | ૨૬ જૂન | પ્રોટોકોલ વર્કશોપ – ગવર્નમેન્ટ ઓફ ગુજરાત | સહભાગી |
| ૧૪. | ડો. ઉદયભાઈ ગજીવાળા | કોચીન (કેરાલા) | ૫ – ૬ જૂલાઈ | વિઝન ૨૦૨૦ વાર્ષિક સાધારણ સભા | રીસોર્સ પર્સન |
| ૧૫. | ડો. શીતલ ચૌધરી | ભુવનેશ્વર | ૧૨ થી ૧૪ સપ્ટે. | આઈ ફેસ્ટ – ૨૦૧૪ વાર્ષિક કોન્ફરન્સ | સહભાગી |
| ૧૬. | ડો. શીતલ ચૌધરી / ડો. પાર્થ જોષી / ડો. ચિંતન ધોળકીયા / ડો. શિલ્પા પટેલ | અમદાવાદ | ૧૧ – ૧૨ ઓકટો. | ઓલ ગુજરાત ઓપ્થલ્મોલોજીસ્ટ કોન્ફરન્સ | સહભાગી |
| ૧૭. | ડો. ઉદયભાઈ ગજીવાળા | કલકતા | ૧૨.૧૦.૧૪ | લાયન્સ સાઈટફર્સ્ટ કોન્કલેવ | રીસોર્સ પર્સન |
| ૧૮. | ડો. ઉદયભાઈ ગજીવાળા | ઈસ્તંબુલ (તુર્કસ્તાન) | ૧૨ થી ૧૫ નવે. ૧૪ | ESASO (યુરોપીયન સોસાયટી ફોર એડવાન્સ સ્ટડીઈન ઓપ્થેલ્મોલોજી) | સહભાગી |
| ૧૯. | ડો. ઉદયભાઈ ગજીવાળા | દિલ્હી | ૨૨ નવેમ્બર ૧૪ | COSI મિટીગ | રીસોર્સ પર્સન |
| ૨૦. | ડો. શિલ્પા પટેલ | આગ્રા | ડીસે. ૧૪ | VRSI (વિટ્રીયોરેટીના સોસાયટી ઓફ ઈન્ડિયા) | સહભાગી |
| ૨૧. | ડો. ઉદયભાઈ ગજીવાળા | પૂણે | ૧૯ ડીસે. | લો વીઝન ગાઈડ લાઈન | રીસોર્સ પર્સન |
| ૨૨. | ડો. ઉદયભાઈ ગજીવાળા / ડો. રોહન ચરીવાલા | દિલ્હી | ૧૪ ડીસે. | ડાયાબિટીક રેટિનોપથી પ્રોટોકલ | આયોજક |
| ૨૩. | ડો. ઉદયભાઈ ગજીવાળા | જોધપુર | ૨૭ ડીસેમ્બર | ઈન્ફેકશન કંટ્રોલ વર્કશોપ | રીસોર્સ પર્સન |
| ૨૪. | ડો. ઉદયભાઈ ગજીવાળા | અમદાવાદ | ૩ – ૪ જાન્યુ ૧૫ | અમદાવાદ કોન્કલેવ | રીસોર્સ પર્સન |
| ૨૫. | ડો. ઉદયભાઈ ગજીવાળા | દિલ્હી | ૧૦ જાન્યુ ૧૫ | એઆઈઓએસ વેબીનાર | રીસોર્સ પર્સન |
| ૨૬. | ડો. રોહનભાઈ / ડો. શીતલબેન / ડો. ચિંતનભાઈ / ડો. ઉદયભાઈ | દિલ્હી | ૫ થી ૮ ફેબ્રુઆરી | ઓલ ઈન્ડીયા ઓપ્થેલ્મોલોજી કોન્ફરન્સ | રીસોર્સ પર્સન |
| ૨૭. | ડો. ધવતભાઈ સુખારામવાલા | કેલીગેટ | ૫ થી ૮ ફેબ્રુઆરી | ઓલ ઈન્ડીયા ઓપ્થેલ્મોલોજી કોન્ફરન્સ | સહભાગી |
| ૨૮. | ડો. ઉદયભાઈ ગજીવાળા | ભુવનેશ્વર | ૧૦/૩ | ડીસ્ટ્રીકટ પ્લાનીગ વર્કશોપ | સહભાગી |
| ૨૯. | ડો. શિલ્પા પટેલ | ચંદીગઢ | ૧૩ થી ૧૬ માર્ચ ૧૫ | રેટીના કોન્ફરન્સ | સહભાગી |
| ૩૦. | ડો. ઉદયભાઈ ગજીવાળા | દિલ્હી | ૨૨ થી ૨૪ માર્ચ ૧૫ | IFIC કોન્ફરન્સ –ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ ઈન્ફેકશન કંટ્રોલ | સહભાગી |

## કન્સલ્ટન્સી અને મૂલ્યાંકનની કામગીરી

ગુજરાત સરકારશ્રી સાથે રહીને ઓપરેશન થીયેટર પ્રોટોકોલ ડેવલપ કરવા માટે જૂન–જૂલાઈ માસ દરમિયાન ૪ જુદા જુદા સ્થળે સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર ખાતે યોજાયેલા વર્કશોપમાં ડો. ઉદયભાઈએ રીસોર્સ પર્સન તરીકે જવાબદારી લીધી.

વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડિયાના ઉપક્રમે ડાયાબિટીક રેટીનોપથી નો પ્રોટોકોલ તૈયાર કરાવવા માટે સમગ્ર દેશમાંથી રેટીના સ્પેશ્યાલીસ્ટ ડોકટરોને દિલ્હી ખાતે એક મંચ પર એકત્ર કર્યા. આ વર્કશોપમાં ડો. ઉદયભાઈ અને ડો. રોહનભાઈ રીસોર્સ પર્સન તરીકે હાજર રહ્યા હતા. આ પ્રોટોકોલ સમગ્ર દેશ માટે ઉપયોગી થશે. રાષ્ટ્રીય કક્ષાનો ડાયાબિટીક રેટીનોપથી પ્રોટોકોલ તૈયાર કરવાની નિષ્ણાંત કમિટીમાં ડો. ઉદયભાઈ સભ્ય બન્યા છે.

દિલ્હી ખાતે ઓલ ઈન્ડિયા ઓપ્થેલ્મોલોજી સોસાયટી વેબીનારમાં રીસોર્સ પર્સન તરીકે ડો. ઉદયભાઈએ હાજરી આપી. ભુવનેશ્વર ખાતે જીલ્લા આયોજનના વર્કશોપમાં રીસોર્સ પર્સન તરીકે હાજરી આપી. જોધપુર રાજસ્થાન ખાતે ઈન્ફેકશન કંટ્રોલ વર્કશોપમાં રીસોર્સ પર્સન તરીકે ડો. ઉદયભાઈએ હાજરી આપી. પૂના – મહારાષ્ટ્રની પૂના બ્લાઈન્ડમેન એસોસીયેશન સંસ્થા ખાતે લો વીઝન ગાઈડલાઈન તૈયાર કરવા ડો. ઉદયભાઈ રીસોર્સ પર્સન તરીકે હાજર રહયા.

સાઈટ સેવર્સ ઈન્ટરનેશનલના ફંડ દ્વારા ચાલતી દેશભરની હોસ્પિટલોના મૂલ્યાંકન માટેની કામગીરી વર્ષોથી ડો. ઉદયભાઈ સંભાળી રહયા છે. આ કામગીરીના ભાગરૂપે વર્ષ દરમિયાન સીતાપુર આઈ હોસ્પિટલ, સીતાપુર – ઉત્તર પ્રદેશ શ્રોફ ચેરીટી આઈ હોસ્પિટલ – દિલ્હીના મોહમદીપુર યુનીટ જહાંગીરાબાદ, તેમજ અમેઠીની ઈન્દિરા ગાંધી આઈ હોસ્પિટલની મુલાકાત લીધી અને મૂલ્યાંકનની કામગીરી કરી.

મિશન ફોર વીઝનના સહયોગથી (વિનંતીથી) નાસિકની તુલસી આઈ હોસ્પિટલ, નાસિક – મહારાષ્ટ્રના મૂલ્યાંકનની કામગીરી પણ કરી.

## રીસર્ચ એકટીવીટી

૧. ડો. રોહનભાઈ ચરીવાળાએ અમેરીકન એકેડેમી ઓફ ઓપ્થેલ્મોલોજી (AAO 2014) કોન્ફરન્સમાં શિકાગો ખાતે ભાગ લીધો. આ કોન્ફરન્સ ૧૮ થી ૨૧ ઓકટોબર દરમિયાન યોજાઈ હતી એમાં તેમણે " Prevalence of uncorrected Refractive errors, Presbyopia and spectacle coverage by using novel Rapid Assessment of visual Impairment survey method in western India" નામનું રીસર્ચ પોસ્ટર રજૂ કર્યું હતું.

૨. XOVA (Excellence in ophthalmology vision award) UK ની ગ્રાન્ટની સહાયથી માંગરોળ અને ઉમરપાડા તાલુકાઓમાં દરેક વ્યકિતની ઘરે ઘરે જઈ આંખનું પ્રેશર; બ્લડ પ્રેશર; યુરીન – સુગર/બ્લડ સુગર અને આંખના પડદાના ફોટોગ્રાફ (ફંડસ ફોટો) પાડવાનો પ્રોજેકટ શરૂ કર્યો. આ કામગીરી દ્વારા જનસામાન્યને પોતાની આંખમાં રોગોના નિદાન અને સમયસરની સારવાર માટેની સરળતા થઈ શકશે. આ પ્રોજેકટ નું અમલીકરણ કરવા માટે અંધજન પુનર્વસન કાર્યકરોને ખાસ તાલીમ આપવામાં આવી અને હાલ આ કામગીરી થઈ રહી છે.

૩. દિલ્હી ઓપ્થેલ્મોલોજીકલ સોસાયટીની વાર્ષિક કોન્ફરન્સમાં બે વૈજ્ઞાનિક "ઈ" પોસ્ટર અને બે વૈજ્ઞાનિક પેપર પ્રેઝન્ટેશન માટે પસંદગી પામ્યા જેમા ' Willingness to pay for cataract surgery in tribal region of south Gujarat" અને"Clinical Profile of Glaucoma patients in tribal region of Surat District"નો સમાવેશ થાય છે.

### સૌજન્યની મિસાલ

પ્રફુલ્લભાઈ હીરાભાઈ હળપતિ, ૨૮ વર્ષના યુવાન, ગામ વાધેચા તા. બારડોલી જી. સુરતના રહીશ છે અને ટ્રેકટર ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. એક દિવસ ખેતરમાં ટ્રેકટર ચલાવતા હતા ત્યારે ડાબી આંખમાં વાગી ગયું અને લોહી નીકળતું હતું તેથી તેમના માલિક શ્રી પરેશભાઈ તેમને તાત્કાલિક માંડવીની હોસ્પિટલમાં લઈ આવ્યા.

હોસ્પિટલમાં તપાસ કરતાં જણાયું કે ડાબી આંખમાં લોખંડની ચીપ વાગવાથી કીકી ફાટી ગઈ છે અને લોખંડની ચીપ આંખના ઊંડા ભાગમાં ઉતરી ગઈ છે. તેથી તેમનું ઓપરેશન કરીને કીકી સાંધી દીધી પરંતુ દેખાતું થયું નહોતું. બે ત્રણ દિવસ રહીને તેમનું પડદાનું ઓપરેશન અને સુરતથી મેગ્નેટ મંગાવીને લોખંડની ચીપ કાઢવાનું ઓપરેશન કર્યું અને આંખ બચાવી લેવાઈ; જોકે દ્રષ્ટિ મળી ન શકી.

પ્રફુલ્લભાઈના માલિક પરેશભાઈ પણ ખૂબ ભલા માણસ છે. તેમણે પ્રફુલ્લભાઈના મુશ્કેલીના સમયે પડખે રહીને ઉમદા માનવધર્મ નિભાવ્યો છે. અને સારવારનો જે થોડો ઘણો ખર્ચ થયો તે તેમણે ઉઠાવ્યો છે. પ્રફુલ્લભાઈ કહે છે કે જો મને સમયસર સારવાર ન મળી હોત તો મારી એક આંખ કાઢી નાખવી પડતે.

પ્રફુલ્લભાઈના પત્ની પણ પરેશભાઈ અને તેજસ હોસ્પિટલનો આભાર માનતા કહે છે, કે અહી અમને સાચી સલાહ અને સારવાર મળી છે. માંડવી જેવા નાના ગામમાં આટલી સરસ સુવિધાવાળી હોસ્પિટલ બધા માટે આર્શીવાદ રૂપ છે.

## આઉટરીચ (ક્ષેત્રીય કામગીરી)

### કેમ્પ

ભારત જેવા ગામડાઓમાં વસતા અને વાહનવ્યવહારની ટાંચી સુવિધા ધરાવતા દેશમાં લોકોને ઘર આંગણે આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં આવે, તો તે વ્યવસ્થા ઘણી અસરકારક પુરવાર થાય છે. આ હકીકત ધ્યાનમાં હોવાથી હોસ્પિટલની કામગીરી શરૂ કરતા પહેલાથી જ કેમ્પનું આયોજન શરૂ કર્યુ હતું. આ વર્ષે કુલ ૧૫૨ નેત્રનિદાન કેમ્પ કર્યા. જેમાં કુલ ૨૫૭૯૦ દર્દીઓની તપાસ અને ૩૩૧૦ દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યા.

આ વર્ષે સપ્ટે. મહિનાથી કેમ્પમાં આવતા ૪૦ વર્ષથી મોટી ઉંમરના બધા દર્દીઓની ઝામરની, બ્લડપ્રેશર અને ડાયાબિટીસની તપાસ કરવાનું શરૂ કર્યુ . તેમજ કેમ્પમાં આવતા ઝામર, નાસુર–કીકીના રોગોના દર્દી તથા પડદાના રોગના દર્દીને કેમ્પના દિવસે સાથે જ લાવવાનું શરૂ કર્યુ. ડાયાબિટીસ/પ્રેશરના દર્દીને જો ઓપરેશનની જરૂર હોય તો તેને હોસ્પિટલમાં લાવી, તેનું ડાયાબિટીસ/પ્રેશર નોર્મલ થાય તે માટે દવાઓ આપ્યા પછી ઓપરેશન કરીએ છીએ. આને કારણે દર્દીના ડ્રોપઆઉટનું પ્રમાણ ઘટાડી શકાયું. વળી કેમ્પના દોઢ મહિના પછી ચશ્માના નંબર કાઢી અને ચશ્મા બનાવી કેમ્પના સ્થળ પર ચશ્મા પહોંચાડવાની સુવિધા ઉભી કરી.

ડોનરો પૈકી ઘણા લોકોને બાળકોની આંખની સારવારનું કામ કરવાનું ખૂબ અગત્યનું લાગે છે, જે સાચું પણ છે. તેથી આ વર્ષે ખાસ બાળકોની આંખની તપાસ માટે ત્રણ કેમ્પ કર્યા. ૨ કેમ્પ માંડવી બેઝ હોસ્પિટલ ખાતે અને ૧ કેમ્પ ઓલપાડ તાલુકાના ભાદોલ ગામે કર્યા.બાળકોની આંખના નિદાન કેમ્પ ઉપરાંત ડાયાબિટીક રેટીનોપથીના કેમ્પ પણ કર્યા.

કેમ્પની પ્રવૃતિમાં દર્દીની એક સગા સાથે રહેવા – જમવાની, વાહનવ્યવહારની વ્યવસ્થા, તેમજ દર્દીના ઓપરેશન તથા દવા – ચશ્મા વિનામૂલ્યે આપવાને કારણે સરકારશ્રીના નિયમ મુજબ ડીસ્ટ્રીકટ બ્લાઈન્ડનેસ કંટ્રોલ સોસાયટી, સુરત (ડીબીસીએસ) તરફથી દરેક દર્દી દીઠ ઓપરેશનના પ્રકાર (દા.ત. મોતિયો, પડદા, કોર્નીયા વિ.) દીઠ નિશ્ચિત રકમ મળવાપાત્ર છે અને અમારા કામમાં આ મદદ ખૂબ નોંધપાત્ર છે. ડીબીસીએસ ઉપરાંત કેમ્પની પ્રવૃતિમાં વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા–મુંબઈ, હરિ ઓમ સેવા ટ્રસ્ટ– વડોદરા, સરગમ ગ્રુપ –સુરત; મહેશ્વરી સમાજ –સુરત ; તેરાપંથ સમાજ સુરત – રાજસ્થાન યુવાસંઘ તથાસ્કોટલેન્ડની રોટરી કલબ દ્વારા 'દ્રષ્ટિ આઈ પ્રોજેક્ટ' અંતર્ગત સ્પોન્સર ૪ સળંગ કેમ્પનો પણ સમાવેશ થાય છે. કેમ્પ કરાવતા કેમ્પના શુભેચ્છકો (નામની યાદી કેમ્પની યાદી સાથે સામેલ છે) નો ફાળો સરાહનીય છે.

કેમ્પની પ્રવૃતિ બરાબર થાય છે કે કેમ, તેમાં હજુ શું કરીએ તો તે વધારે અસરકારક થાય વિ. જાણવા બહારની સંસ્થા (ગોમાબાઈ નેત્રાલય, નીમચ) દ્વારા મૂલ્યાંકન કરાવ્યું. તેમના પ્રતિનિધિશ્રી ઘનશ્યામ પાંડે ૧૩ થી ૧૭ એપ્રિલ દરમિયાન કેમ્પના સ્થળે ગયા, દર્દીઓનેઅનઅપેક્ષિત રીતે મળ્યા અને કેટલાક સૂચનો કર્યા, જેનો અમલ શરૂ કરી દીધો છે.

કેમ્પમાં કે હોસ્પીટલમાં આશા વર્કર બહેન દર્દી લાવે, ઓપરેશન કરાવે તથા તેની સાથે આવે–જાય, હોસ્પિટલમાં રહે તો દર્દી દીઠ ૧૭૫રૂા. આપવાનું નકકી કર્યુ જેની ચર્ચા – વિચારણા કરવા આશા વર્કર બહેનોની મિટીંગ તા. ૭/૧૦/૧૪ના રોજ માંડવી ખાતે રાખી.

### નેત્રંગ અને ઝંખવાવ

નેત્રંગ અને ઝંખવાવ સામુહિક આરોગ્ય કેન્દ્ર પર દિવ્યજયોતિ ટ્રસ્ટ દ્વારા આંખની સારવાર આપવામાં આવે છે. પરંતુ વર્ષ દરમિયાન નેત્રંગ સામુદાયિક આરોગ્ય કેન્દ્રને સરકારશ્રી મારફત નવેસરથી બનાવવાનું હોવાથી નેત્રંગના ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને ઝંખવાવ અથવા માંડવી લાવીને ઓપરેશન કરવામાં આવે છે. ઝંખવાવ ખાતેના સ્ટાફની અનિયમિતતા અને ગેરશિસ્તને કારણે તેને છૂટા કરવામાં આવ્યા. હાલ એક ઓપ્થેલ્મીક આસીસ્ટંટની તાલીમ શરૂ કરી છે. તેથી હંગામી ધોરણે માંડવીથી ૧ ઓપ્થેલ્મીક આસીસ્ટંટ ૧/૧ અઠવાડીયા માટે ઝંખવાવની કામગીરી સંભાળે છે.

ક્ષેત્રીય કામગીરીની અગત્યતા અને જરૂરીયાત જોતાં બ્લાઈન્ડ ફાઉન્ડેશન ફોર ઈન્ડિયાને એક પ્રપોઝલ મોકલી હતી. જે મંજૂર થતાં તેના નાણાં વડે ૨૭ સીટની એક મીની આયશર બસ ખરીદી છે. જેમાં ચેર યુનીટ, સ્લીટ લેમ્પ, ફન્ડસ કેમેરા, ઈન્ડાયરેકટ ઓપ્થેલમોસ્કોપ, વીઝન સ્ક્રીનર, રેટીનોસ્કોપ, વિ. ફીટ કરીને મોબાઈલવાન તૈયાર કરી છે અને તેનો ઉપયોગ સ્કૂલ સ્ક્રીનીંગ માટે તથા ગામેગામ ડાયાબિટીસ તેમજ ઝામરની તપાસ માટે કરીશું.

ચોરવાડ તા. જી જૂનાગઢની હોસ્પિટલને પુનઃકાર્યરત કરવા ગયા વર્ષે ઘણી જહેમત ઉઠાવી હતી. ત્યાં કામ શરૂ થઈ ગયું છે પણ ધાર્યા મુજબ હજુ વેગ પકડયો નથી. તેથી પુનઃવિચારણા કરવા ટૂંક સમયમાં ચોરવાડની રૂબરૂ મુલાકાત લઈ યોગ્ય કાર્યવાહી કરીશુ.

# વર્ષ દરમિયાન થયેલ નિદાન કેમ્પની આંકડાકીય માહિતી

| ક્રમ | તારીખ | ગામ | તાલુકો | જીલ્લો | ઓ.પી.ડી | અન્ય નિષ્ણાંત માટે રિફર | ઓપરેશન | કેમ્પ સ્પોન્સર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨.૪.૧૪ | કુમકુવા | સોનગઢ | તાપી | ૨૫૬ | ૬૬ | ૩૯ | HOST + DBCS + VFI |
| ૨ | ૬.૪.૧૪ | પાતલ | માંડવી | સુરત | ૨૦૦ | ૪૧ | ૨૨ | Kirtisinh Vashi + TRIBAL + VFI |
| ૩ | ૧૦.૪.૧૪ | કુવરદા | માંગરોલ | સુરત | ૧૮૯ | ૨૧ | ૬ | Kiransinh Parmar + TRIBAL + VFI |
| ૪ | ૧૩.૪.૧૪ | અકકલકુવા | અકકલકુવા | નંદુરબાર | ૧૪૧ | ૨૩ | ૧૫ | Sargam Group + DBCS |
| ૫ | ૧૪.૪.૧૪ | ઝંખવાવ | માંગરોલ | સુરત | ૪૦ | ૧૧ | ૧૦ | HOST+DBCS+VFI |
| ૬ | ૧૬.૪.૧૪ | ઉમરદા | ઉમરપાડા | સુરત | ૧૬૨ | ૨૮ | ૧૫ | TRIBAL + VFI |
| ૭ | ૨૦.૪.૧૪ | વીરથવા | સોનગઢ | તાપી | ૧૪૫ | ૩૯ | ૨૦ | Mahendra Pandya +VFI + DBCS |
| ૮ | ૨૩.૪.૧૪ | ઝાંખરી | વ્યારા | તાપી | ૧૯૯ | ૩૦ | ૨૧ | VFI + DBCS |
| ૯ | ૨૭.૪.૧૪ | વાલોડ | વાલોડ | તાપી | ૧૪૮ | ૩૬ | ૧૭ | VFI + DBCS |
| ૧૦ | ૧.૫.૧૪ | લાખગામ | માંડવી | સુરત | ૧૫૩ | ૪૫ | ૩૨ | TRIBAL + VFI |
| ૧૧ | ૪.૫.૧૪ | સજોદ | અંકલેશ્વર | ભરૂચ | ૧૩૧ | ૩૮ | ૧૯ | VFI + DBCS |
| ૧૨ | ૫.૫.૧૪ | વદેસીયા | માંડવી | સુરત | ૧૨ | ૫ | ૦ | TRIBAL + VFI |
| ૧૩ | ૭.૫.૧૪ | ઈસર | માંડવી | સુરત | ૧૦૫ | ૨૦ | ૧૧ | TRIBAL + VFI |
| ૧૪ | ૮.૫.૧૪ | પાતલ | માંડવી | સુરત | ૫૯ | ૧૭ | ૯ | TRIBAL + VFI |
| ૧૫ | ૧૧.૫.૧૪ | ચકવાણ | સોનગઢ | તાપી | ૧૮૨ | ૨૮ | ૧૫ | DBCS+ Tuteja Parivar |
| ૧૬ | ૧૧.૫.૧૪ | જોખા | કામરેજ | સુરત | ૧૧૧ | ૭ | ૦ | DBCS + Balubhai Patel |
| ૧૭ | ૧૪.૫.૧૪ | ઘાટા | વ્યારા | તાપી | ૯૨ | ૧૫ | ૮ | HOST + DBCS + Surat Leuva Patidar Samaj |
| ૧૮ | ૧૫.૫.૧૪ | ગામતળાવ | માંડવી | તાપી | ૪૧ | ૪ | ૧ | TRIBAL + HOST + VFI |
| ૧૯ | ૧૮.૫.૧૪ | સીસોદરા | અંકલેશ્વર | ભરૂચ | ૧૪૪ | ૩૦ | ૧૪ | Bhanukumar Shah + Surat Leuva Patidar Samaj + HOST + DBCS |
| ૨૦ | ૨૧.૫.૧૪ | મધરકુઈ | માંડવી | ભરૂચ | ૭૮ | ૧૬ | ૯ | TRIBAL + Surat Leuva Patidar Samaj |
| ૨૧ | ૨૫.૫.૧૪ | સેલંબા | સાગબારા | નર્મદા | ૨૦૪ | ૪૭ | ૨૦ | Davalben Ukabhai Lathiya + Surat Leuva Patidar Samaj + DBCS + VFI |
| ૨૨ | ૨૬.૫.૧૪ | રતનીયા | માંડવી | સુરત | ૨૪ | ૧ | ૧ | TRIBAL + VFI |
| ૨૩ | ૨૮.૫.૧૪ | ઉશ્કેર | માંડવી | સુરત | ૬૦ | ૧૪ | ૭ | TRIBAL + VFI |
| ૨૪ | ૨૯.૫.૧૪ | ભાતખાઈ | માંડવી | સુરત | ૪૪ | ૬ | ૩ | TRIBAL + VFI |
| ૨૫ | ૧.૬.૧૪ | નવાપુર | નવાપુર | નંદુરબાર | ૨૦૫ | ૩૧ | ૧૭ | Manubhai Harilal Shah + DBCS + VFI |
| ૨૬ | ૪.૬.૧૪ | પીપલવાડા | માંડવી | સુરત | ૧૨૬ | ૨૮ | ૧૫ | TRIBAL + HOST + VFI |
| ૨૭ | ૮.૬.૧૪ | સોનગઢ | સોનગઢ | તાપી | ૧૫૭ | ૫૯ | ૨૭ | HOST + DBCS + VFI |
| ૨૮ | ૧૧.૬.૧૪ | મોટીચેર | માંડવી | સુરત | ૬૬ | ૧૭ | ૧૦ | TRIBAL + HOST + VFI |
| ૨૯ | ૧૨.૬.૧૪ | દેવગીરી | માંડવી | સુરત | ૩૭ | ૫ | ૩ | TRIBAL + VFI |
| ૩૦ | ૧૫.૬.૧૪ | બેડી | સોનગઢ | તાપી | ૧૯૦ | ૪૮ | ૩૪ | Surat Leuva Patidar Samaj + VFI |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | ૧૬.૬.૧૪ | અમલસાડી | માંડવી | સુરત | ૭૮ | ૯ | ૨ | TRIBAL + Koshambh Trust |
| ૩૨ | ૧૮.૬.૧૪ | ગોળધા | માંડવી | સુરત | ૧૪૧ | ૩૨ | ૧૩ | Koshambh Trust + DBCS + Surat Leuva Patidar sasmaj |
| ૩૩ | ૨૨.૬.૧૪ | ઉમરપાડા | ઉમરપાડા | સુરત | ૧૮૭ | ૪૫ | ૨૬ | Piyushbhai Viradiya + HOST + DBCS + VFI |
| ૩૪ | ૨૩.૬.૧૪ | વરજાખણ | માંડવી | સુરત | ૬૫ | ૬ | ૪ | TRIBAL + Koshambh Trust |
| ૩૫ | ૨૫.૬.૧૪ | સાલૈયા | માંડવી | સુરત | ૧૧૭ | ૩૨ | ૨૦ | TRIBAL + Koshambh Trust |
| ૩૬ | ૨૬.૬.૧૪ | બલેઠી | માંડવી | સુરત | ૩૬ | ૫ | ૬ | TRIBAL + Koshambh Trust |
| ૩૭ | ૨૯.૬.૧૪ | મોઝા | વાલીયા | ભરૂચ | ૨૮૫ | ૪૧ | ૧૫ | HOST + DBCS + VFI |
| ૩૮ | ૧.૭.૧૪ | ખોડંબા | સોનગઢ | તાપી | ૭૧ | ૧૧ | ૯ | TRIBAL + Koshambh Trust |
| ૩૯ | ૨.૭.૧૪ | મોખડી | ડેડીયાપાડા | નર્મદા | ૨૦૧ | ૪૩ | ૩૭ | Koshambh Trust + DBCS |
| ૪૦ | ૬.૭.૧૪ | ડેડીયાપાડા | ડેડીયાપાડા | નર્મદા | ૨૮૮ | ૪૫ | ૩૧ | Koshambh Trust + DBCS |
| ૪૧ | ૭.૭.૧૪ | કેવડી | માંડવી | સુરત | ૧૨૭ | ૧૩ | ૮ | Koshambh Trust + DBCS +HOST |
| ૪૨ | ૯.૭.૧૪ | ઘાટોલી | ડેડીયાપાડા | નર્મદા | ૬૮ | ૮ | ૪ | HOST + DBCS + VFI |
| ૪૩ | ૧૩.૭.૧૪ | મહુપાડા | સાગબારા | નર્મદા | ૧૯૧ | ૩૩ | ૧૭ | Sitaram Trust + Koshambh Trust +DBCS |
| ૪૪ | ૧૪.૭.૧૪ | સરકુઈ | માંડવી | સુરત | ૭૦ | ૧૫ | ૧૧ | TRIBAL + DBCS+ HOST |
| ૪૫ | ૧૬.૭.૧૪ | ગંગાપુર | ડેડીયાપાડા | નર્મદા | ૧૨૫ | ૩૧ | ૧૯ | HOST + DBCS + VFI |
| ૪૬ | ૨૦.૭.૧૪ | ખાપર | અકકલકુવા | નંદુરબાર | ૨૩૧ | ૪૧ | ૨૮ | Koshambh Trust + DBCS |
| ૪૭ | ૨૧.૭.૧૪ | રાજપુતબોરી | માંડવી | સુરત | ૪૫ | ૮ | ૬ | TRIBAL + HOST+ DBCS |
| ૪૮ | ૨૩.૭.૧૪ | મોટા જાંબુડા | ડેડીયાપાડા | નર્મદા | ૧૪૦ | ૩૨ | ૧૭ | HOST + DBCS + VFI |
| ૪૯ | ૨૭.૭.૧૪ | ખાંભલા | સોનગઢ | તાપી | ૧૪૦ | ૩૧ | ૧૯ | HOST + Piyushbhai Veradiya + DBCS + VFI |
| ૫૦ | ૨૮.૭.૧૪ | દેવગઢ | માંડવી | સુરત | ૫૨ | ૯ | ૪ | TRIBAL + HOST + DBCS |
| ૫૧ | ૩૦.૭.૧૪ | કલમકુઈ | વાલોડ | તાપી | ૬૫ | ૨૫ | ૧૭ | DBCS + VFI |
| ૫૨ | ૩.૮.૧૪ | બોધાન | માંડવી | સુરત | ૧૦૭ | ૨૯ | ૧૫ | Kanaiyalal C Sheth + Wonder Work + DBCS |
| ૫૩ | ૪.૮.૧૪ | ખંજરોલી | માંડવી | સુરત | ૭૬ | ૧૨ | ૪ | HOST +DBCS + VFI |
| ૫૪ | ૬.૮.૧૪ | વહાર | ઉમરપાડા | સુરત | ૧૨૫ | ૪૫ | ૨૦ | Wonder Work + DBCS |
| ૫૫ | ૮.૮.૧૪ | ઉમરાણ | ડેડીયાપાડા | નર્મદા | ૧૦૮ | ૨૭ | ૧૩ | HOST + Pankaj Patel + DBCS + VFI |
| ૫૬ | ૧૧.૮.૧૪ | પાતલ | માંડવી | સુરત | ૪૪ | ૮ | ૨ | Wonder Work + DBCS |
| ૫૭ | ૧૩.૮.૧૪ | મેરા | માંગરોલ | સુરત | ૧૮૬ | ૩૯ | ૨૪ | HOST + DBCS + VFI |
| ૫૮ | ૧૭.૮.૧૪ | આયદીયાપુર | મહુવા | સુરત | ૧૯૦ | ૨૮ | ૧૩ | Koshambh Trust + DBCS |
| ૫૯ | ૧૮.૮.૧૪ | પેટીયા | માંડવી | સુરત | ૮૧ | ૭ | ૪ | HOST + DBCS + VFI |
| ૬૦ | ૨૦.૮.૧૪ | અકકલકુવા | અકકલકુવા | નંદુરબાર | ૧૨૪ | ૪૪ | ૨૬ | Wonder Work + DBCS |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૧ | ૨૪.૮.૧૪ | પુના | મહુવા | સુરત | ૧૫૬ | ૪૨ | ૧૬ | HOST +Raghuvirsinh Thakor + DBCS + VFI |
| ૬૨ | ૨૫.૮.૧૪ | મુંજલાવ | માંડવી | સુરત | ૧૯ | ૧ | ૧ | Wonder Work + DBCS |
| ૬૩ | ૨૭.૮.૧૪ | મોટા બોરસરા | માંગરોલ | સુરત | ૧૩૦ | ૩૩ | ૮ | Koshambh Trust + DBCS + VFI |
| ૬૪ | ૩૧.૮.૧૪ | હીદલા | સોનગઢ | તાપી | ૨૨૨ | ૪૩ | ૩૧ | Dr Vikasben Thakkar + DBCS |
| ૬૫ | ૨.૯.૧૪ | પાંડેસરા | સુરત | સુરત | ૨૪૦ | ૮ | ૧ | Ramjibhai Chandak + DBCS |
| ૬૬ | ૩.૯.૧૪ | મોરી | વાલીયા | ભરૂચ | ૧૩૦ | ૩૩ | ૨૦ | HOST + DBCS + Wonder Work |
| ૬૭ | ૭.૯.૧૪ | વાંકલ | માંગરોલ | સુરત | ૨૨૫ | ૫૫ | ૩૨ | Pravinbhai Shah + DBCS |
| ૬૮ | ૧૦.૯.૧૪ | ચાંપાવડ | વ્યારા | તાપી | ૬૯ | ૧૪ | ૭ | HOST +DBCS + Wonder Work |
| ૬૯ | ૧૩.૯.૧૪ | ઘંટોલી | માંડવી | સુરત | ૮૭ | ૨૬ | ૧૪ | Rotary Club of Scotland |
| ૭૦ | ૧૩.૯.૧૪ | સેલંબા | સાગબારા | ભરૂચ | ૨૭૧ | ૫૫ | ૨૫ | |
| ૭૧ | ૧૪.૯.૧૪ | બુહારી | વાલોડ | વાલોડ | ૩૮૩ | ૬૨ | ૩૨ | |
| ૭૨ | ૧૫.૯.૧૪ | ટોકરવા | ઉચ્છલ | તાપી | ૨૧૨ | ૫૧ | ૩૧ | |
| ૭૩ | ૧૬.૯.૧૪ | સોનગઢ | સોનગઢ | તાપી | ૧૮૮ | ૬૫ | ૩૩ | |
| ૭૪ | ૧૭.૯.૧૪ | દેદવાસણ | મહુવા | સુરત | ૧૪૫ | ૪૭ | ૧૯ | Raghuvirsinh Thakor + Wonder Work + DBCS |
| ૭૫ | ૨૧.૯.૧૪ | લીમોદરા | માંગરોલ | સુરત | ૨૯૧ | ૪૩ | ૧૪ | DBCS + Vijaybhai Kania + Bhikhiben Patel |
| ૭૬ | ૨૪.૯.૧૪ | ગાળકુવા | સોનગઢ | તાપી | ૧૭૫ | ૪૭ | ૨૭ | HOST + DBCS + VFI |
| ૭૭ | ૨૮.૯.૧૪ | ડેડીયાપાડા | ડેડીયાપાડા | નર્મદા | ૩૨૦ | ૫૮ | ૩૩ | Ramjibhai Chandak + DBCS + Ganpatsinh Jadav+ VFI |
| ૭૮ | ૩૦.૯.૧૪ | વાલીયા | વાલીયા | ભરૂચ | ૧૭૩ | ૧૬ | ૩ | HOST + DBCS + VFI |
| ૭૯ | ૨.૧૦.૧૪ | પજાંબા | સોનગઢ | તાપી | ૧૫૨ | ૪૫ | ૩૦ | Orgochem Pvt. Ltd. + DBCS + HOST |
| ૮૦ | ૫.૧૦.૧૪ | કીમ | ઓલપાડ | સુરત | ૧૭૮ | ૩૭ | ૧૪ | Rotary Club of Kharch Kosamba + DBCS + HOST |
| ૮૧ | ૮.૧૦.૧૪ | ધલા | કામરેજ | સુરત | ૨૦૫ | ૩૮ | ૧૨ | Mahendrabhai N Zaveri+ VFI + Wonder Work |
| ૮૨ | ૧૨.૧૦.૧૪ | ઉમરપાડા | ઉમરપાડા | સુરત | ૨૫૦ | ૪૮ | ૩૪ | Kalamandir + DBCS + HOST |
| ૮૩ | ૧૫.૧૦.૧૪ | વાલોડ | વાલોડ | તાપી | ૧૫૯ | ૪૩ | ૨૧ | DBCS + Wonderwork |
| ૮૪ | ૧૯.૧૦.૧૪ | ડેડીયાપાડા | ડેડીયાપાડા | નર્મદા | ૨૮૫ | ૬૭ | ૩૨ | DBCS + Wonderwork |
| ૮૫ | ૨૯.૧૦.૧૪ | ડુંગરી | માંગરોલ | સુરત | ૧૨૯ | ૩૩ | ૧૯ | Balubhai Patel + DBCS + HOST +Raghuvirsinh Thakor |
| ૮૬ | ૨.૧૧.૧૪ | નારણપુર | ઉચ્છલ | તાપી | ૨૯૫ | ૭૩ | ૫૪ | HOST + VFI + Wonder Work |
| ૮૭ | ૫.૧૧.૧૪ | ડુંગરી | માંગરોલ | સુરત | ૨૦૨ | ૫૭ | ૩૧ | Ur Asha Zaveri Foundation + DBCS + Wonder Work |
| ૮૮ | ૯.૧૧.૧૪ | ઉમાન | સાગબારા | નર્મદા | ૨૦૬ | ૪૫ | ૩૧ | Dr Abhay Kavishwar + DBCS + VFI |
| ૮૯ | ૧૨.૧૧.૧૪ | ગોદાવાડી | માંડવી | સુરત | ૧૬૦ | ૩૮ | ૧૭ | HOST + VFI + DBCS |
| ૯૦ | ૧૬.૧૧.૧૪ | કેળકુઈ | વાલોડ | તાપી | ૨૭૬ | ૭૯ | ૬૩ | Sargam Group + HOST + DBCS |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯૧ | ૧૭.૧૧.૧૪ | અકકલકુવા | અકકલકુવા | નંદુરબાર | ૧૧૫ | ૫૧ | ૩૦ | HOST + VFI + DBCS |
| ૯૨ | ૧૯.૧૧.૧૪ | નવાગામ પાનુડા | ડેડીયાપાડા | નર્મદા | ૧૭૩ | ૩૯ | ૨૬ | HOST + VFI + Wonder Work |
| ૯૩ | ૧૯.૧૧.૧૪ | કેવડીયા કલોની | રાજપીપલા | નર્મદા | ૧૩૪ | ૫૦ | ૦ | Diabetic Retionopathy |
| ૯૪ | ૨૩.૧૧.૧૪ | કરંજ | માંડવી | સુરત | ૧૮૭ | ૩૮ | ૨૪ | Manharbhai Patel + DBCS |
| ૯૫ | ૨૩.૧૧.૧૪ | ગોપાલપુરા | સોનગઢ | તાપી | ૨૧૦ | ૫૬ | ૩૭ | Trupti Parag trust + DBCS |
| ૯૬ | ૨૬.૧૧.૧૪ | ઉભારીયા | ઉમરપાડા | સુરત | ૧૨૪ | ૧૯ | ૧૫ | Pramod Shah + DBCS + Wonder Work |
| ૯૭ | ૩૦.૧૧.૧૪ | કુમકુવા | સોનગઢ | તાપી | ૨૨૧ | ૭૩ | ૪૫ | Orgochem Pvt. Ltd. + DBCS |
| ૯૮ | ૩.૧૨.૧૪ | શાહદા | શાહદા | મહારાષ્ટ્ર | ૧૩૭ | ૧૭ | ૭ | DBCS + VFI + HOST |
| ૯૯ | ૭.૧૨.૧૪ | કોસંબા | માંગરોલ | સુરત | ૨૭૩ | ૬૭ | ૨૨ | Rajanbhai Shah + Binaben Rajeshbhai Gosar + DBCS |
| ૧૦૦ | ૧૦.૧૨.૧૪ | હીદલા | સોનગઢ | તાપી | ૧૮૬ | ૨૭ | ૨૫ | DBCS + VFI + HOST |
| ૧૦૧ | ૧૪.૧૨.૧૪ | પાતલ | માંડવી | સુરત | ૧૫૯ | ૫૮ | ૪૪ | Kirtisinh Vashi + HOST + DBCS + VFI |
| ૧૦૨ | ૧૪.૧૨.૧૪ | મોટીચેર | માંડવી | સુરત | ૧૯૮ | ૪૮ | ૨૮ | Larson & Toubro + DBCS |
| ૧૦૩ | ૧૫.૧૨.૧૪ | નીગામા | માંડવી | સુરત | ૧૨૮ | ૨૭ | ૧૪ | Tribal + VFI |
| ૧૦૪ | ૧૭.૧૨.૧૪ | નારણપુર | ઉચ્છલ | તાપી | ૧૫૨ | ૫૮ | ૩૯ | DBCS + VFI + HOST |
| ૧૦૫ | ૨૧.૧૨.૧૪ | ખાપર | અકકલકુવા | નંદુરબાર | ૩૨૪ | ૧૦૭ | ૬૭ | Terapanth Mahila Mandal + DBCS |
| ૧૦૬ | ૨૨.૧૨.૧૪ | કીમડુંગરા | માંડવી | સુરત | ૧૨૨ | ૩૦ | ૧૪ | Tribal + VFI |
| ૧૦૭ | ૨૪.૧૨.૧૪ | બુણધા | માંડવી | સુરત | ૮૫ | ૨૩ | ૮ | Tribal + VFI |
| ૧૦૮ | ૨૫.૧૨.૧૪ | માછી સાદડા | મહુવા | સુરત | ૨૫૪ | ૭૬ | ૪૫ | Anant Agrawal + DBCS |
| ૧૦૯ | ૨૮.૧૨.૧૪ | વેરાકુઈ | માંગરોલ | સુરત | ૨૧૦ | ૬૩ | ૪૬ | Rajan Pandya + HOST + DBCS + VFI |
| ૧૧૦ | ૨૯.૧૨.૧૪ | નાની સીગલોટી | ડેડીયાપાડા | નર્મદા | ૧૭૪ | ૫૦ | ૨૩ | St. Xavier's + DBCS |
| ૧૧૧ | ૩૧.૧૨.૧૪ | ડેડીયાપાડા | ડેડીયાપાડા | નર્મદા | ૨૭૪ | ૬૭ | ૪૩ | Raghuvirsinh Thakor+ DBCS + VFI |
| ૧૧૨ | ૧.૧.૧૫ | નેત્રંગ | રાજપીપલા | નર્મદા | ૮૫ | ૧૬ | ૬ | HOST + DBCS + VFI |
| ૧૧૩ | ૪.૧.૧૫ | કેળકુઈ | સોનગઢ | તાપી | ૨૫૩ | ૭૩ | ૫૦ | Terapanth Mahila Mandal+ DBCS |
| ૧૧૪ | ૫.૧.૧૫ | દઢવાડા | માંડવી | સુરત | ૯૯ | ૩૮ | ૨૪ | Tribal Subplan + VFI |
| ૧૧૫ | ૭.૧.૧૫ | સેલંબા | સાગબારા | નર્મદા | ૩૭૪ | ૮૪ | ૫૮ | DBCS + VFI + HOST |
| ૧૧૬ | ૧૧.૧.૧૫ | સામપુરા | કામરેજ | સુરત | ૪૩૪ | ૧૩૦ | ૭૩ | Karsanbhai Bhakta + DBCS |
| ૧૧૭ | ૧૨.૧.૧૫ | નરેણ | માંડવી | સુરત | ૧૫૪ | ૪૧ | ૧૯ | Tribal + VFI |
| ૧૧૮ | ૧૫.૧.૧૫ | બેડી | સોનગઢ | તાપી | ૨૨૯ | ૫૯ | ૪૦ | Chandreshbhai & Shilpaben + DBCS + VFI |
| ૧૧૯ | ૧૮.૧.૧૫ | બીલવાણ | ઉમરપાડા | સુરત | ૧૯૮ | ૫૦ | ૩૩ | Bahadursinh Chauhan + Tribal + VFI |
| ૧૨૦ | ૨૦.૧.૧૫ | માલધા | માંડવી | સુરત | ૯૭ | ૩૫ | ૧૫ | Tribal + VFI |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨૧ | ૨૧.૧.૧૫ | ગંધા | નીઝર | તાપી | ૩૦૩ | ૬૬ | ૪૪ | HOST + DBCS + VFI |
| ૧૨૨ | ૨૨.૧.૧૫ | ઝંખવાવ | માંગરોલ | સુરત | ૯૩ | ૭ | ૩ | HOST + DBCS + VFI |
| ૧૨૩ | ૨૩.૧.૧૫ | હીંદલા | સોનગઢ | તાપી | ૧૧૪ | ૨૮ | ૨૦ | Manas Mandal +DBCS |
| ૧૨૪ | ૨૫.૧.૧૫ | કાકડવા | વ્યારા | તાપી | ૧૮૯ | ૪૯ | ૨૮ | Pravinbhai Shah + DBCS |
| ૧૨૫ | ૨૮.૧.૧૫ | તારપાડા | સોનગઢ | તાપી | ૧૪૨ | ૩૨ | ૧૬ | HOST + DBCS + VFI |
| ૧૨૬ | ૨૯.૧.૧૫ | ભાદોલ | ઓલપાડ | સુરત | ૨૭૯ | ૨૩ | ૧૦ | Nagarbhai Lad + DBCS + VFI |
| ૧૨૭ | ૧.૨.૧૫ | નેત્રંગ | રાજપીપળા | નર્મદા | ૫૫૦ | ૬૩ | ૨૫ | Rotary Club Ankleshwar + DBCS |
| ૧૨૮ | ૧.૨.૧૫ | ખુટાડીયા | સોનગઢ | તાપી | ૨૭૪ | ૬૨ | ૪૧ | Raghuvirsinh Thakor + Wonder Work + DBCS |
| ૧૨૯ | ૩.૨.૧૫ | તરસાડાબાર | માંડવી | સુરત | ૮૫ | ૨૭ | ૧૪ | Tribal + VFI |
| ૧૩૦ | ૪.૨.૧૫ | ટોકરવા | ઉચ્છલ | તાપી | ૧૯૬ | ૪૮ | ૨૯ | HOST + DBCS + VFI |
| ૧૩૧ | ૮.૨.૧૫ | રાનવેરી | વાલોડ | તાપી | ૨૭૦ | ૪૮ | ૩૧ | Wonder Work + DBCS |
| ૧૩૨ | ૧૦.૨.૧૫ | બૌધાન | માંડવી | સુરત | ૧૪૮ | ૨૯ | ૧૯ | Tribal + Manas Mandal + Nimeshbhai Shah |
| ૧૩૩ | ૧૧.૨.૧૫ | મહુપાડા | સાગબારા | નર્મદા | ૧૭૧ | ૫૦ | ૩૦ | Wonder Work + DBCS |
| ૧૩૪ | ૧૫.૨.૧૫ | ખાપર | અક્કલકુવા | નંદુરબાર | ૨૮૧ | ૭૪ | ૩૮ | Manas Mandal + DBCS |
| ૧૩૫ | ૧૫.૨.૧૫ | સેવણી | કામરેજ | સુરત | ૩૧૦ | ૬૬ | ૩૦ | DBCS + Narottambhai J Patel |
| ૧૩૬ | ૧૭.૨.૧૫ | ગોડસંબા | માંડવી | સુરત | ૯૫ | ૨૮ | ૧૯ | HOST + DBCS + VFI |
| ૧૩૭ | ૧૮.૨.૧૫ | લીંબી | સોનગઢ | તાપી | ૨૬૧ | ૫૮ | ૩૯ | HOST + DBCS + VFI |
| ૧૩૮ | ૨૨.૨.૧૫ | કાકરાપાર | વ્યારા | તાપી | ૩૮૦ | ૧૨૪ | ૯૧ | KAPS + Wonder Work |
| ૧૩૯ | ૨૪.૨.૧૫ | વાડીભેસરોટ | સોનગઢ | તાપી | ૨૪૮ | ૫૭ | ૩૩ | HOST + DBCS + VFI+Ajitbhai Doshi |
| ૧૪૦ | ૨૫.૨.૧૫ | ડેડીયાપાડા | ડેડીયાપાડા | ભરૂચ | ૨૦૩ | ૪૪ | ૧૯ | HOST + DBCS + VFI |
| ૧૪૧ | ૧.૩.૧૫ | માંડણ | માંગરોલ | સુરત | ૨૧૫ | ૪૨ | ૨૪ | HOST + DBCS + VFI + Jaydevbhai Desai |
| ૧૪૨ | ૧.૩.૧૫ | ઉખલદા | સોનગઢ | તાપી | ૨૬૩ | ૪૮ | ૩૫ | DBCS+ Wonder work |
| ૧૪૩ | ૩.૩.૧૫ | આંબાપારડી | માંડવી | સુરત | ૫૪ | ૨૦ | ૧૦ | Tribal +VFI+ HOST |
| ૧૪૪ | ૩.૩.૧૫ | રેગામા | માંડવી | સુરત | ૧૨૪ | ૨૨ | ૭ | Tribal +VFI |
| ૧૪૫ | ૮.૩.૧૫ | બુહારી | વાલોડ | તાપી | ૩૧૨ | ૭૩ | ૩૧ | Omprakashji Tuteja+DBCS |
| ૧૪૬ | ૧૧.૩.૧૫ | ગોપાલપુરા | સોનગઢ | તાપી | ૧૮૮ | ૫૧ | ૩૦ | HOST + DBCS + VFI |
| ૧૪૭ | ૧૫.૩.૧૫ | સાગબારા | સાગબારા | નર્મદા | ૨૭૦ | ૬૨ | ૩૭ | DBCS+ Wonder work |
| ૧૪૮ | ૧૮.૩.૧૫ | ગંધા | નીઝર | સુરત | ૧૧૭ | ૨૯ | ૧૬ | Karsanbhai Bhakta + DBCS + HOST |
| ૧૪૯ | ૨૨.૩.૧૫ | આંબાવાડી | ડેડીયાપાડા | નર્મદા | ૨૦૮ | ૪૮ | ૩૦ | P N Patel Charitable Trust + DBCS |
| ૧૫૦ | ૨૫.૩.૧૫ | નારણપુર | ઉચ્છલ | સુરત | ૧૨૧ | ૩૪ | ૨૬ | DBCS+Wonder Work |
| ૧૫૧ | ૨૯.૩.૧૫ | કણજોડ | વાલોડ | તાપી | ૧૬૫ | ૨૨ | ૧૬ | HOST + DBCS + VFI |

HOST – હરિ ઓમ સેવા ટ્રસ્ટ VFI – વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા Tribal – ટ્રાઈબલ સબપ્લાન માંડવી
DBCS – ડીસ્ટ્રીકટ બ્લાઈન્ડનેસ કંટ્રોલ સોસાયટી, સુરત KAPS – કાકરાપાર એટમીક પાવર સ્ટેશન

## અંધજન પુનર્વસન કાર્યક્રમ

એપ્રિલ ૧૨ થી માંડવી તાલુકામાં શરૂ કરેલો અંધજન પુનર્વસન કાર્યક્રમ ડીસે. ૧૪ સુધીમાં પુરો થયો. કુલ ૧૩૩ ગામોમાં ઘરે ઘરે ફરીને અંધત્વની તપાસ ઉપરાંત ૪૦ વર્ષથી ઉપરના લોકોની ડાયાબિટીસની તપાસ પણ કરી. આ કામગીરીમાં ગામના આગેવાન, આશાવર્કર બહેનો, આંગણવાડી કાર્યકરો, સરપંચશ્રી, દૂધડેરીના ચેરમેન/મંત્રીશ્રી વિ. મહાનુભાવોનો સારો સહકાર મળ્યો.

કુલ ૨૦,૦૦૦ જેટલા RBS અને યુરિન સુગરના ટેસ્ટ કર્યા જેમાંથી ૮૦૦ જેટલા લોકો ડાયાબિટીક મળ્યા. આ પૈકી માત્ર ૧૦૦ લોકોને જ પોતાને ડાયાબિટીસ હોવાની જાણ હતી.

આ ઉપરાંત માંડવી તાલુકાની કુલ ૧૯૬ શાળાઓના પંદર હજાર જેટલા વિદ્યાર્થીઓની આંખની તપાસ થઈ, ૧૧૬ વિદ્યાર્થીઓને રિફર કર્યા અને ૧૪૩ વિદ્યાર્થીઓને ડીસ્ટ્રીકટ બ્લાઈન્ડનેશ કંટ્રોલ સોસાયટીના સહયોગથી ચશ્મા અપાવ્યા.

સીબીઆર પ્રોજેકટ દ્વારા રીફર કરાયેલા લોકો પૈકી ૧૭૩૭ જેટલા લોકોના મોતિયાના ઓપરેશન થયા. આ પ્રોજેકટમાં કુલ ૧૨૭ અંધ વ્યકિત મળ્યા તેમાંથી ૯૦ ને અંધત્વના સર્ટીફીકેટ અપાવ્યા, ૮૭ લોકોને બસપાસ અને ૨૩ લોકોને હલનચલનની ટ્રેનીગ આપી. છ (૬) છોકરાઓ અને પાંચ (૫) છોકરીઓ કુલ અગ્યાર (૧૧)ને સંકલિત શિક્ષણ નો લાભ અપાવ્યો. ૪૨ અંધજનોને સ્વરોજગાર (આર્થિક પુનર્વસન)ની તાલીમ આપી.

ચાર અંધ કન્યાઓને સુરેન્દ્રનગરની સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજમાં એડમીશન અપાવ્યું છે. તેમજ બે ભાઈઓને ટાટાવાડી – ફણસા ખેતીવાડીની તાલીમ લેવા મોકલ્યા છે. માંડવીના અંધજન પુનર્વસન કાર્યક્રમ માટે જોડાયેલા કાર્યકરો પૈકી મોટાભાગનાને હોસ્પિટલમાંજ જુદી જુદી સેવાઓમાં સમાવી લીધા.

ભોપાલથી સ્કૂલ સ્ક્રીનીગની ટ્રેનીગ માટે ૫ ભાઈઓ આવ્યા હતા. તેમની પ્રેકટીકલ ટ્રેઈનીગ માટે પ્રોજેકટ એરિયામાં આવતી વરજાખણ પ્રાથમિક શાળામાં તેમજ પ્રોજેકટ બહાર આવતી શાળા માંગરોલ તાલુકાની ભોરીયા પ્રાથમિક શાળામાં લઈ ગયા હતા. જ્યાં તેમણે સંતોષકારક રીતે ટ્રેનીગ પૂર્ણ કરી હતી.

જાન્યુઆરી૧૫ થી માંગરોળ અને ઉમરપાડા તાલુકાઓમાં અંધજન પુનર્વસન કાર્યક્રમ શરૂ કર્યો. આ બે તાલુકાની કુલ ૩ લાખની વસ્તીને આ પ્રોજેકટમાં આવરી લેવાશે. આ કાર્યક્રમમાં અંધત્વની તપાસ અને ૪૦ વર્ષથી ઉપરની ઉમરના લોકોની ડાયાબિટીસ ઉપરાંત આંખના પ્રેશરની તપાસ પણ કરવામાં આવશે. આ કાર્યક્રમને નવતર પ્રયોગ તરીકે 'XOVA' એવોર્ડ પ્રાપ્ત થયો. જેની વિગતવાર માહિતી અગાઉ આવી ગઈ છે.

આંખોની રોશની અને સ્વાસ્થ્ય માટે વિટામીન "એ" ખૂબ જરૂરી ઘટક છે. વિટામીન "એ" ની ખામી ધરાવતા બાળકોમાં વિટામીન "એ" નો ડોઝ આપવાની વ્યવસ્થા ગોઠવી. ખાસ કરીને શેરડી કાપતા મજૂરોના બાળકોમાં વિટામીન એ અને ન્યૂટ્રીશનની ઉણપ વર્તાય છે. તેને માટે ખાસ અભિયાન હાથ ધર્યુ છે. આ બાળકોને વિટામીન "એ" અને સુખડીનું વિતરણ અંધજન પુનર્વસન કાર્યકર બહેનને સોંપીને કરાવ્યું. આ ઉપરાંત અંતરિયાળ વિસ્તારમાં કેટલીકવાર કિશોરીઓને માસિક ધર્મમાં આવતા શું કરવું તેની સમજ નથી હોતી. આ કિશોરીઓને આ બાબતે સમજણ આપવા સાથે સેનેટરી કીટનું વિતરણ પણ અંધજન પુનર્વસન કાર્યકર બહેન મારફત કરાવ્યું.

## ટેબલ નં. ૫ – CES પ્રોજેકટ માંડવી વર્ષ ૨૦૧૪ – ૧૫ (એપ્રીલ થી ડીસેમ્બર ૨૦૧૪)

| કલસ્ટરનું નામ | બેતાલા ચશ્મા | | ૫૦ વર્ષથી મોટી ઉંમર વિઝન | | RBS | Urine Sugar | ડાયાબિટીસ રીફર | | | | અન્ય વિકલાંગ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | | | પુરૂષ | સ્ત્રી | છોકરો | છોકરી | પુરૂષ | સ્ત્રી | છોકરો | છોકરી |
| દેવગઢ | ૨૦ | ૦૯ | ૪૯૧ | ૩૬૩ | ૨૩૦૫ | ૨૩૦૫ | ૩૧ | ૧૯ | ૦૦ | ૦૨ | ૩૯ | ૩૮ | ૦૩ | ૦૫ |
| માલ્ધા | ૦૯ | ૦૬ | ૬૩૮ | ૪૦૨ | ૧૬૭૯ | ૧૬૭૧ | ૧૮ | ૧૫ | ૦૦ | ૦૦ | ૨૮ | ૩૧ | ૦૦ | ૦૪ |
| સઠવાવ | ૧૧ | ૦૭ | ૫૮૧ | ૪૬૯ | ૧૯૦૭ | ૧૯૦૭ | ૨૫ | ૨૦ | ૦૦ | ૦૦ | ૩૭ | ૩૪ | ૦૮ | ૦૪ |
| દઢવાડા | ૧૩ | ૦૪ | ૭૨૧ | ૬૪૪ | ૧૩૭૪ | ૧૨૮૭ | ૦૮ | ૦૮ | ૦૦ | ૦૦ | ૧૦ | ૧૧ | ૦૦ | ૦૧ |
| માંડવી | ૦૩ | ૦૦ | ૩૫૨ | ૩૬૬ | ૨૫૪૫ | ૨૩૨૪ | ૩૫ | ૨૮ | ૦૦ | ૦૦ | ૩૬ | ૩૩ | ૦૩ | ૦૮ |
| રતનીયા | ૧૩ | ૦૬ | ૪૨૨ | ૩૨૪ | ૨૧૦૬ | ૨૧૦૬ | ૫૦ | ૭૫ | ૦૦ | ૦૦ | ૦૭ | ૦૯ | ૦૦ | ૦૧ |
| ગોદાવાડી | ૧૬ | ૨૪ | ૩૯૧ | ૨૫૯ | ૨૬૦૧ | ૨૫૬૦ | ૨૨ | ૨૫ | ૦૦ | ૦૦ | ૩૩ | ૨૯ | ૦૪ | ૦૨ |
| પાતલ | ૦૪ | ૦૬ | ૫૬૯ | ૨૯૧ | ૧૯૬૮ | ૧૯૬૮ | ૪૪ | ૩૪ | ૦૦ | ૦૦ | ૩૬ | ૩૩ | ૧૦ | ૦૭ |
| અરેઠ | ૦૭ | ૦૬ | ૨૬૪ | ૨૯૩ | ૨૧૫૫ | ૨૧૫૫ | ૩૨ | ૩૯ | ૦૦ | ૦૦ | ૩૮ | ૩૩ | ૦૫ | ૦૨ |
| તડકેશ્વર | ૧૬ | ૧૧ | ૩૬૯ | ૨૯૬ | ૧૯૯૯ | ૧૬૧૮ | ૩૫ | ૪૦ | ૦૦ | ૦૧ | ૩૦ | ૨૪ | ૧૫ | ૦૯ |
| કુલ | ૧૧૨ | ૭૯ | ૪૭૯૮ | ૩૭૦૭ | ૨૦૬૩૯ | ૧૯૯૦૧ | ૩૦૦ | ૩૦૩ | ૦૦ | ૦૩ | ૨૯૪ | ૨૭૫ | ૪૮ | ૪૩ |

## ટેબલ નં. ૬ – CES પ્રોજેકટ માંડવી વર્ષ ૨૦૧૪ – ૧૫ (એપ્રીલ થી ડીસેમ્બર ૨૦૧૪)

| કલ્સટરનું નામ | મોતિયાના રિફર | | મોતિયાના ઓપરેશન | | ઓપરેશન પછીનુ ફોલોઅપ | | સ્કુલ તપાસ | | ચશ્મા વિતરણ સંખ્યા | | આંખની તપાસ આંગણવાડી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| દેવગઢ | ૭૦ | ૬૮ | ૩૪ | ૪૩ | ૧૦૨ | ૧૨૯ | ૯૨૫ | ૯૧૩ | ૯ | ૭ | ૧૯૧ | ૨૦૩ |
| માલ્ધા | ૧૨૦ | ૧૧૫ | ૩૩ | ૨૮ | ૯૯ | ૮૪ | ૧૭૫ | ૧૭૪ | ૮ | ૭ | ૩૦૩ | ૨૮૬ |
| સઠવાવ | ૧૭૫ | ૧૬૪ | ૩૬ | ૪૨ | ૧૦૮ | ૧૨૬ | ૭૪૪ | ૭૩૪ | ૧૪ | ૧૫ | ૨૪૮ | ૧૬૬ |
| દઢવાડા | ૧૩૧ | ૧૨૦ | ૪૫ | ૪૦ | ૧૩૫ | ૧૨૦ | ૪૯૦ | ૪૯૭ | ૧૩ | ૧૦ | ૦૯૬ | ૧૩૩ |
| માંડવી | ૨૧૨ | ૨૦૦ | ૧૫૦ | ૧૫૩ | ૪૫૦ | ૪૫૯ | ૭૦૦ | ૬૯૬ | ૩૮ | ૩૨ | ૧૫૨ | ૧૨૩ |
| રતનીયા | ૨૨૩ | ૨૧૦ | ૫૫ | ૪૮ | ૧૬૫ | ૧૪૪ | ૫૦૪ | ૪૮૬ | ૧૪ | ૧૮ | ૧૮૧ | ૨૦૬ |
| ગોદાવાડી | ૪૮૬ | ૪૭૪ | ૧૨૮ | ૧૩૬ | ૩૮૪ | ૪૦૮ | ૪૫૫ | ૪૮૭ | ૨૪ | ૨૪ | ૪૭ | ૦૫૯ |
| પાતલ | ૩૪૭ | ૩૩૪ | ૧૦૭ | ૯૯ | ૩૨૧ | ૨૯૭ | ૧૧૩૫ | ૧૦૫૪ | ૩૪ | ૩૦ | ૧૮૩ | ૧૬૭ |
| અરેઠ | ૪૬૭ | ૪૫૮ | ૮૫ | ૭૫ | ૨૫૫ | ૨૨૫ | ૧૫૮૫ | ૧૫૪૨ | ૩૯ | ૩૭ | ૨૧૧ | ૩૪૮ |
| તડકેશ્વર | ૧૫૬ | ૧૭૦ | ૭૩ | ૮૮ | ૨૧૯ | ૨૬૪ | ૧૦૦૬ | ૯૯૫ | ૨૯ | ૩૨ | ૩૦૯ | ૩૪૬ |
| કુલ | ૨૩૮૭ | ૨૩૧૩ | ૭૪૬ | ૭૫૨ | ૨૨૩૮ | ૨૨૫૬ | ૭૭૧૯ | ૭૫૭૮ | ૨૨૨ | ૨૧૨ | ૧૮૨૧ | ૨૦૩૭ |

અંધજન પુનર્વસન કાર્યક્રમ વિશે, અંધલોકોના અધિકાર અને પ્રવૃતિ વિશે તથા સરકારશ્રી દ્વારા અંધ/વિકલાંગ લોકોને મળતી સહાય વિશે વિસ્તૃત માહિતી દર્શાવતું કેલેન્ડર ૨૦૧૫–૨૦૧૬ નું તૈયાર કર્યુ.

વર્ષ દરમિયાન વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી ૩/૧૨ ના રોજ કરી જેમાં ૭૮ વિકલાંગો હાજર રહયા. વિકલાંગોને સરકારશ્રી તરફથી મળતી સહાય – વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી અને આશાવર્કર બહેનોનો મિલન કાર્યક્રમ કર્યો.

## આર્થિક પુનર્વસન

વર્ષ દરમિયાન ૧૮ થી ૫૦ વર્ષના અંધ – ભાઈ બહેનોને આર્થિક રીતે પગભર થઈ શકે, તે માટેનું માર્ગદર્શન આપવા એક મિટીગનું આયોજન કર્યુ. જેમાં ૨૫ ભાઈ બહેનોએ ભાગ લીધો અને ૪ વ્યકિતએ (૩ ભાઈઓ અને ૧ બહેને) સ્વરોજગાર શરૂ કરવાની ઈચ્છા વ્યકત કરી. આ લોકોને વગર વ્યાજની લોન આપવામાં આવી. આ પૈકી એક ભાઈએ સ્વરોજગાર ન કરતાં લોન પરત કરી જ્યારે બાકીના ત્રણ લોકો સ્વરોજગાર કરી રોજી મેળવે છે અને લોનના હપ્તા પણ નિયમિત રીતે ચૂકવે છે.

## અંધબાળકોની હોસ્ટેલ

દર વર્ષની જેમ આ વર્ષે પણ અંધબાળકો માટે ઉનાળામાં અને દિવાળી વેકેશનમાં એમ બે શિબિર કરી અને બાળકોની જૂની માગણી મુજબ સાયલા–ચોટીલાના પ્રવાસનું આયોજન કર્યુ. શિયાળા શિબીર દરમ્યાન કેવડીયા કોલોની અને સેવા રૂરલ ઝઘડીયાનો પ્રવાસ ગોઠવ્યો. આ શિબિરમાં હોસ્ટેલમાં રહેતા બાળકો ઉપરાંત માંડવી, અંકલેશ્વર, ઝઘડીયા, ડેડીયાપાડા વિ. તાલુકાના અંધ બાળકોએ પણ ભાગ લીધો.

અંધ બાળકોને હોસ્ટેલમાં રાખવાનો આશય તેઓ સ્વાવલંબી અને આત્મવિશ્વાસુ બને એ છે. તેથી આવી પ્રવૃતિઓ કરવાનો સતત પ્રયત્ન કરવામાં આવે છે. પેપરની પસ્તીમાંથી બાળકો કોથળી બનાવે છે. જે દવાની દુકાનમાં પ્લાસ્ટકની બેગની જગ્યાએ વાપરવામાં આવે છે. આ ઉપરાંત દિવાળીમાં મીણથી કોડીયા બનાવ્યા જોકે મીણ ઓગળતાં – દાઝીન જાય તે માટે તેમની સાથે કોઈકે રહેવું પડે. આ બાળકોએ જીલ્લા કક્ષાએ ખેલ મહાકુંભમાં ભાગ લીધો અને ૪૨૦૦૦રૂા. ના ઈનામો જીત્યા.આ રકમ વિજેતા બાળકોના "બેંક ઓફ બરોડા માંડવી"ના ખાતામાં જમા કરાવ્યા. આ બાળકો પૈકી બે બાળકો પ્રથમ ઈનામ જીત્યા હોવાથી રાજયકક્ષાએ હરીફાઈમાં ભાગ લેવાની પણ તેમને તક મળી.

આ વર્ષે ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાકદિને વકીલ મંડળ અને માંડવી કોર્ટના જજ મેડમ તરફથી ડોનેશન મળ્યું તેમજ સુરતના પોલીસ કમિશ્નરશ્રી તરફથી બાળકોને બ્રેઈલ કીટનું વિતરણ કરવામાં આવ્યું. હનુમાન જયંતિના દિને સુરત મહેશ્વરી સમાજ તરફથી બાળકોને અભ્યાસમાં ઉપયોગી થઈ શકે એવું ડેઈઝીપ્લેયર આપવામાં આવ્યું.

બાળકો દર રવિવારે નિયમિત રીતે સંગીત શીખે છે.હવે તેઓ"રાગ"સહિત સંગીતના તાલે ગીતગાઈ શકે છે. આવતા વર્ષે આ બાળકો સંગીતની બીજી પરીક્ષા આપશે.અંધબાળકોને કોમ્પ્યુટર/સંગીત શીખવનાર શિક્ષક શ્રી માનદ સેવા આપે છે. આ ઉપરાંત કપડા/રમકડા ભોજન વિ. અવારનવાર મળતું રહે છે. શુભેચ્છક શ્રી સ્નેહલભાઈ શાહ દ્વારા હોસ્ટેલ માટે પોતાનું મકાન વગર ભાડે વાપરવા મળ્યું.

## વિઝન ૨૦૨૦ : રાઈટ ટુ સાઈટ – ગુજરાત ચેપ્ટર

વિઝન ૨૦૨૦ – રાઈટ ટુ સાઈટ – ગુજરાત ચેપ્ટરની કામગીરીની જવાબદારી ડો. ઉદયભાઈની હોવાથી વર્ષ દરમિયાન ૨ કાર્યક્રમનું આયોજન કર્યુ. આ કાર્યક્રમમાં તા. ૦૪/૦૫/૧૪ના રોજ ગ્લુકોમાં વિષય પર વર્કશોપનુ આયોજન કર્યુ હતું જેમાં દિલ્હીના ડો. દેવેન્દ્ર સુદ અને અમદાવાદથી ડો. મયુરી બહેન ખમાર હાજર રહયા હતા. આ કાર્યક્રમમાં ૫૦ થી વધુ ડોકટરોએ ભાગ લીધો તેમજ ૧૫મી માર્ચ – ૧૫ ના રોજ યોજેલ કાઉન્સેલીગના વર્કશોપમાં જુદી જુદી સંસ્થાના ૧૦૦ થી વધુ કાઉન્સેલરોએ ભાગ લીધો.



ફંડસ ફલોરોસીન એન્જીયોગ્રાફી



આઈબેંક સ્પેક્યુલર માઈક્રોસ્કોપી



ક્લીનીકલ સ્પેક્યુલર માઈક્રોસ્કોપ



એ – સ્કેન – બાયોમેટ્રી .



યાગ લેસર



ટોપોગ્રાફીની પ્રક્રિયા



રેટીના કલીનીક



દર્દીના પડદાની તપાસ



મંત્રી શ્રી નલીનભાઈ સાથે ઓસવાલ ગ્રુપના ડાયરેકટર અરૂણાબેન ઓસવાલ



ગ્લુકોમા કલીનીક



વૃધ્ધ – ચિંતાતુર દર્દી



બાળ દર્દી – તેની માતા સાથે



કેમ્પ ઓર્ગેનાઈઝર્સ નું સ્નેહમિલન



કુમકુવા કેમ્પમાં દર્દીઓની લાંબી કતાર



ઓપરેશન થીયેટર – ૩ માં ડો. ગુપ્તા
(સ્કોટલેન્ડ દ્રષ્ટિ પ્રોજેક્ટ વતી)



શાળાના બાળકોની આંખ તપાસ




નવી મોબાઈલ વાન




વીઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા તરફથી
લીબી કેમ્પના દર્દીઓની તપાસ



વર્લ્ડ સાઈટ ડે ની ઉજવણીના ભાગરૂપે
શેરી નાટક ભજવતા કાર્યકરો



પોંડીચેરી ખાતે કેમ્પ પ્રવૃત્તિની સઘન તાલીમ લેતા
શ્રી પ્રદીપભાઈ પટેલ



સર્જરીનું જીવંત પ્રસારણ નિહાળતા આંખના ડોકટર્સ



શાળા તપાસ કાર્યક્રમ અંગે ટ્રેનીગ લેવા આવેલ
સેવા – સદન ભોપાલના કાર્યકરો



ડો. કુલીનભાઈ કોઠારીનું સન્માન કરતા ડો. રોહનભાઈ



વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડીયા ચેપ્ટરના
ઉપક્રમે ગ્લુકોમા સીએમઈમાં પ્રશ્નોત્તર કરતા
ડો. સૂદ અને ડો. મયુરીબેન ખમાર



ગ્લુકોમાં સીએમઈમાં હાજર રહેલા
ડોકટર્સનો ગ્રુપ ફોટો



ટોનોમેટ્રી દ્વારા
આંખના પ્રેશરની તપાસ



અંધત્વના સર્વે દરમિયાન ફંડસ ફોટો
દ્વારા તપાસ કરતા કાર્યકરો.



દૃષ્ટિક્ષેત્રની તપાસ –
અંધજન પુનર્વસન કાર્યકર દ્વારા



ઉમરપાડા – માંગરોલ તાલુકામાં અંધજન પુનર્વસન
કામગીરીનાં ઉદ્‌ઘાટન પ્રસંગે જનમેદની



ખેતમજૂરોને ઘર આંગણે સલામત ચશ્માનું વેચાણ



આશાવર્કર બહેનોનું સ્નેહમિલન



વિકલાંગ દિનની ઉજવણીના ભાગરૂપે અપંગોનું સ્નેહમિલન



અંધજન પુનર્વસન કામગીરી વિશે
વિસ્તૃતમાહિતી આપતું કેલેન્ડર



સર્વેના ભાગરૂપે ફીલ્ડ વર્કર દ્વારા
બ્લડપ્રેશરની તપાસ



અંધ મહિલા – ઘરકામની તાલીમ
લીધા બાદ રસોઈ કરતાં



હોસ્ટેલના વાડામાં મૂકેલ કીડાંગણના સાધનોથી આનંદ કરતાં અંધ બાળકો



દિવાળીના કોડીયા બનાવતા અંધ બાળકો



અંધ બાળકો – ચોટીલાના પ્રવાસે



દિવાળીના કોડીયા બનાવતા અંધ બાળકો



હનુમાન ચાલીસાના પાઠ કરતા બાળકો



પસ્તીમાંથી કોથળી બનાવતા – બાળકો



રોટરી ક્લબ ઓફ સુરત મેઈન દ્વારા
ડો. ઉદયભાઈનું સન્માન



સુરત માનવ સેવા સંઘ "છાંયડો" દ્વારા
ડો. ઉદયભાઈનું સેવાસુવાસ એવોર્ડ થી સન્માન



નીમચ – મધ્યપ્રદેશના પ્રતિનિધિ શ્રી ઘનશ્યામ પાંડે દ્વારા
કેમ્પની પ્રવૃત્તિનું મૂલ્યાંકન



ગુજરાત સરકાર દ્વારા આયોજીત કેટરેક્ટ ક્વોલીટી
વર્કશોપમાં રજૂઆત કરતા ડો. ઉદયભાઈ



અમેરીકન ઓપ્થેલ્મોલોજીસ્ટ સોસાયટીમાં વૈજ્ઞાનિક પેપર
પ્રેઝન્ટેશનની મુલાકાત લેતા અન્ય ડોકટર્સ



વિસ્કોન્સીન યુનિવર્સીટીના પ્રમુખ ડો. બાર્ને સાથે
ડો. રોહનચરીવાળા (અમેરીકાની મુલાકાત દરમ્યાન)



ઓલ ઈન્ડીયા ઓપ્થેલ્મોલોજીસ્ટ સોસાયટીના વેબીનારમાં
રજૂઆત કરતા ડો. અમીષ પટેલ




ઝોવા એવોર્ડ



શ્રીફાલ્ગુનભાઈ શેઠ ટીમવર્કનો વર્કશોપ



દિવાળીની ઉજવણી – રંગોળી કરતા સ્ટાફ



ફટાકડા ફોડીને દિવાળીની ઉજવણી કરતા
પરિવારના બાળકો



મંત્રી શ્રી નલીનભાઈ શાહ દ્વારા સ્ટાફને સંબોધન



મોતિયાનાઓપરેશન વિશે સમજણ આપવા રોલ પ્લે



કેરમ રમતા સ્ટાફના સભ્યો



ટીમવર્કની રમત



"કર્મયોગ" પર વિષય પર વાર્તાલાપ કરતા
સાથી ફાઉન્ડેશનઅમેરીકાથી ડો. ભદ્રાબહેન શાહ

'સત્કાર્ય કરનારને દુઆ મળે છે, તેને દવાની જરૂર નથી'

## માંડવીમાં સ્નેહમિલન કાર્યક્રમમાં વિકલાંગોને યોજનાનું માર્ગદર્શન

## માંડવીની નેત્ર દિવ્ય જ્યોત ટ્રસ્ટને ઝોવા ૨૦૧૪ એવોર્ડ એનાયત થયો

## માંડવીમાં હોસ્પિટલ સંચાલકો પર્યાવરણની સુરક્ષા અંગે કટિબદ્ધ

## સંક્ષિપ્ત સમાચાર

## 'માનવતાવાદ'નો સાચો અર્થ સમજવા માટે ડો. ઉદય ગજીવાળાને મળવું પડે

## ઉમરપાડા-માંગરોળ તાલુકા અંધજન પુનર્વસન કાર્યક્રમનો શુભારંભ કરાયો

## Mandvi hospital to be carbon-free by 2016

Starts Green Initiatives Like Solar Lights, Water-Free Urinals And Solar Cookers

## માંડવીમાં સ્નેહમિલન કાર્યક્રમમાં વિકલાંગોને યોજનાનું માર્ગદર્શન

## માંડવીના દિવ્ય જ્યોતિ ટ્રસ્ટને ઝોવા 2014 એવોર્ડ એનાયત

## પીટરકુઈ અને પીપલવાણ

ગામડાના સર્વાંગી વિકાસના ધ્યેય સાથે સુરત માનવ સેવા સંઘ 'છાંયડો' દ્વારા માંડવી નજીકના બે ગામો 'પિટરકૂઈ' અને 'પિપલવાણ' દત્તક લીધા છે. જેમાં સૌ પ્રથમ, તો પીવાના પાણીની સુવિધા પુરી પાડવા હેંડ પંપ બેસાડયા કે રીપેર કરાવ્યા. ખેતીના પાકને પુરૂ વર્ષ પાણી મળે રહે તે માટે ચેક ડેમ રીપેર કરાવ્યા. ગામના ભણતા વિદ્યાર્થી માટે વગર વ્યાજની લોન આપી. તથા સ્વરોજગાર કરવા સાધન સહાય આપી. દિવાળીમાં દરેક કુટુંબને અનાજની કીટનું વિતરણ કર્યુ. ગામ લોકો સાથે મળીને આધ્યાત્મિક પ્રવૃતિ કરે, વ્યસન મુકત બને અને તેમની જીવનની ગુણવત્તા સુધરે તે માટે બન્ને ગામમાં નાનકડા મંદિરો બનાવી આપ્યા. તેનો પ્રાણ – પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવ્યો.

સામાન્ય રીતે લગ્ન જેવા સામાજીક કાર્યમા લોકો પોતાના ગજા ઉપરાંતનો ખર્ચ કરતા હોય છે અને દેવામાં ડૂબી જતા હોય છે, તેને નિવારવા સમૂહલગ્ન એક સારો વિકલ્પ છે એ ધ્યાનમાં લેતા આ ગામોમાં સમૂહલગ્નનું આયોજન કર્યુ અને કન્યાઓને ઘરવપરાશની વસ્તુઓનું કન્યાદાન કર્યુ.

વળી દિવ્યજયોતિ ટ્રસ્ટના બ્રેઈલ શિક્ષક અઠવાડીયામાં બે વાર બન્ને ગામોમાં જઈ ટયુટોરીયલ વર્ગો ચલાવે છે. આને કારણે બાળકોની વાંચન–લેખન ક્ષમતામાં સુધારો નોંધાયો છે. આમ આર્થિક, સામાજીક શૈક્ષણિક અને આધ્યામિક એમ દરેક રીતે આ બન્ને ગામને સક્ષમ બનાવવાના પ્રયત્નો થઈ રહયા છે.

સુરતના જાણીતા હીરા ઉધોગપતિ – લક્ષ્મી ડાયમંડના માલિકશ્રી વસંતભાઈ ગજેરાએ દિવાળી પહેલા માંડવી તાલુકાના લાખગામ તેમજ તેની આજુબાજુના ગામોના ૧૦૦૦ જેટલા ગરીબ ઘરોમાં અનાજની કીટની વહેંચણી કરી.

## જનજાગૃતિના પ્રયત્નો

જનસામાન્યમાં આંખના રોગો વિશે તેમ જ ચક્ષુદાન વિશે જાગૃતિ આણવા માટે વર્ષભર પ્રયત્નો ચાલુ રહયા. ખાસ કરીને દર અઠવાડીયે શનિવારે આંખના રોગો વિશે ગામે ગામ જઈને વિડીયો બતાવીને પ્રશ્નોત્તર દ્વારા ચર્ચા કરવામાં આવે છે. વળી આ વર્ષથી આંખને રક્ષણ આપતા ચશ્માનું પણ આ દરેક ગામમાં વેચાણ કરવામાં આવે છે. દર રોજ રાત્રે હોસ્પિટલમાં ઓપ્થેલ્મીક આસીસ્ટંટ ઓપરેશન પહેલા અને પછી રાખવાની કાળજી અંગે સમજૂતી આપે છે. ઓપરેશન પછી દવા, ખોરાક, સફાઈ તથા અન્ય કાળજી રાખવાનું માર્ગદર્શન આપવા એક દસ મિનિટની વિડીયો તૈયાર કરી છે. તે જ રીતે કોમ્બેટ બ્લાઈન્ડનેસ ફાઉન્ડેશનની વિનંતી અને આર્થિક સહયોગથી સ્કૂલ સ્ક્રીનીગ અંગેની વિડીયો પણ તૈયાર કરી છે. આમ જનજાગૃતિ માટે વિડીયો અને પેમ્ફલેટ દ્વારા શિક્ષણ આપવાનો સતત પ્રયત્ન કરીએ છીએ.

આ વર્ષે ચક્ષુદાન પખવાડિયા (૨૫/૮ થી ૮/૯) દરમિયાન માંડવીની વી.એફ હાઈસ્કુલના બાળકોએ ચક્ષુદાન વિશે પોસ્ટરો સાથે રેલી કાઢી. તેમજ વર્લ્ડ સાઈટ ડે ની ઉજવણી કુલ ૩ દિવસ કરી – એમાં ૯,૧૦ અને ૧૧ ઓકટોબરના રોજ અનુક્રમે અરેઠ, કડોદ અને મઢીમાં રાત્રે ઝામર અને ડાયાબિટીક રેટીનોપથીના વિષય પર શેરી નાટકો કર્યા અને ત્રણેય ગામમાં બીજે દિવસે ગામના લોકોની આંખની તપાસ કરવામાં આવી, તે જ રીતે ૧૪ નવેમ્બર –વર્લ્ડ ડાયાબિટીસ ડે ના રોજ પણ શેરી નાટકો ભજવ્યા.

## એવોર્ડ અને સન્માન

ફાર્માસ્યુટીકલકું 'નોવાર્ટીસ ફાર્મા' નુ **CSR** બોડી 'ઝોવા' (XOVA) દર વર્ષે આરોગ્યના ક્ષેત્રમાં નવતર કામગીરી કરનારી વિશ્વભરની સંસ્થાઓ પાસે પ્રપોઝલ મગાવે છે. જે પૈકી પાંચ સંસ્થાને પસંદ કરે છે. આ વર્ષે દિવ્યજયોતિ ટ્રસ્ટે મોકલેલી માંગરોલ અને ઉમરપાડા તાલુકામાં ઘરે ઘરે ફરીને ૪૦ વર્ષથી ઉપરના લોકોની ડાયાબિટીસ, પ્રેશર અને ઝામરની તપાસની પ્રપોઝલને મંજૂર કરવામાં આવી અને પાંચ સંસ્થા પૈકી આપણને આ એવોર્ડ મળ્યો જે તુર્કસ્તાનના શહેર ઈસ્તંબૂલ ખાતે યોજાયેલ બે દિવસના વર્કશોપ દરમિયાન સંસ્થાના ઉપપ્રમુખ ડો.

ઉદયભાઈએ સ્વીકાર્યો. આ એવોર્ડમાં ૨૦૦૦૦ યુરોનો કેશ એવોર્ડ અને સન્માનપત્ર છે.

સંસ્થાના મંત્રીશ્રી નલીનભાઈ શાહને રૂવઈ પોરવાળ જ્ઞાતિ મંડળ તરફથી 'સમાજરત્ન' એવોર્ડ થી નવાજવામાં આવ્યા.

સુરત માનવ સેવા સંઘ 'છાયડો' દ્વારા ડો. ઉદયભાઈનું સન્માન 'સેવા સુવાસ' એવોર્ડ આપીને કર્યુ. તે જ રીતે ડો. ઉદયભાઈને રોટરી કલબ ઓફ સુરત રાઉન્ડટાઉન દ્વારા "વોકેશનલ એક્સેલન્સ એવોર્ડ" આપવામાં આવ્યો. અંકલેશ્વર ફીલાન્થ્રોપીક સોસાયટી દ્વારા પણ સંસ્થા વતી ડો. ઉદયભાઈને સમાજસેવાના કામ માટે સન્માનવામાં આવ્યા.

## સ્ટાફ વેલ્ફેર

- દિવાળીમાં અને ૨૨ મે – વાર્ષિક દિન એમ વર્ષમાં બે વાર પરિવાર મિલન કર્યુ – સમૂહ ભોજન લીધુ.
- કેવડીયા કોલોની / નર્મદા ડેમ અને આજવા નિમેટાના પ્રવાસનો સપરિવાર આનંદ માણ્યો.
- પ્રમુખશ્રી દ્વારા સ્ટાફના દરેક સભ્યને દિવાળીમાં કપડાં અને મિઠાઈ વહેંચી.
- સ્ટાફના બાળકોને પુસ્તકો, નોટબુક, યુનિફોર્મ વિગેરેનું વિતરણ કર્યુ.
- શ્રી ઓમપ્રકાશજી નો ''સિધ્ધશિલા'' માં આવેલ ફ્લેટ દિવ્યજયોતિ ટ્રસ્ટને વાપરવા આપ્યો.

## મુલાકાતીઓ

ટ્રસ્ટ દ્વારા થતી કામગીરી સમાજના ઉદાર દાતાઓના સહયોગથી થઈ રહી છે. આ અંતરિયાળ વિસ્તારમાં કરવામાં આવતી કામગીરીને જયારે અન્ય વિસ્તારના લોકો આવીને નિહાળે અને બિરદાવે ત્યારે કામ કરનારનો ઉત્સાહ સ્વાભાવિક રીતે જ વધે છે.

આ વર્ષે દિલ્હીના ખ્યાતનામ ગ્લુકોમા કન્સલ્ટન્ટ ડો. સુદ અને તેમની ટીમ; સુરતના સ્પેશ્યાલીસ્ટ ડો. પ્રશાંતભાઈ દેસાઈ, અને લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ્લભાઈ શીરોયા; રોટરી કલબ ઓફ સ્કોટલેન્ડના ડો. સાધુરામ ગુપ્તા અને તેમના પત્ની તેમજ મિત્ર દંપતિ તથા સાથી ફાઉન્ડેશન યુએસએ તરફથી ડો. ભદ્રાબહેન શાહે હોસ્પિટલની મુલાકાત લીધી.

આ ઉપરાંત માનનીય સાસંદ શ્રી પ્રભુભાઈ વસાવા; લાયન્સ કલબ ઈન્ટરેશનલના સભ્યો તથા ટેકનીકલ એડવાઈઝર ડો. જતીનભાઈ શાહ, કાકરાપાર અણુમથકના ઉચ્ચાધિકારીઓ, વન્ડરવર્કમાંથી શ્રી ઉજ્જલ ભટ્ટાચાર્ય, ભરૂચના સંસદસભ્ય શ્રી ભરતસિંહ પરમાર અને સુરતથી રીજયોનલ ડેપ્યુટી ડાયરેકટર (હેલ્થ) શ્રી ડો. કંછલ સાહેબ અને ડો. માથુર સાહેબ (ડીબીસી એસ, સુરત) મુલાકાતે આવ્યા હતા.

## ભવિષ્ય માટેનું આયોજન

- હોસ્પિટલના એક્ષ્ટેન્શન માટે પાંચ માળના મકાનનુ બાંધકામ શરૂ કર્યુ.
- આઈ બેંકની સુવિધા ઉભી કરીશું.
- B.Sc. ઓપ્ટોમેટ્રીનો કોર્ષ – દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સાથે સંલગ્ન રહીને સરકારી માન્યતા મેળવીને શરૂ કરીશું.
- હોસ્પીટલની પાછળ નવું બાંધકામ વપરાશમાં લઈશું પછી ૧૦૦ બેડની સુવિધા મળશે તેથી D.N.B. માટે અરજી કરીશું.
- બહારગામથી આવતા પેશન્ટને માટે ડે – કેર વોર્ડની સુવિધા માટે ઉભી કરીશું. જેમાં સોફા – ટીવી, ચા – નાસ્તો વિ. ની સુવિધા ડે કેર વોર્ડના દર્દીને આપીશું.

## સંસ્થાની પારદર્શીતા અને વિશ્વસનીયતા

| | વિગત | અમલ |
|---|---|---|
| A. | **નોંધણી** | |
| | સાર્વજનિક ટ્રસ્ટ કાયદો | ઈ/૬૯૨૧/સુરત, તા. ૧૯/૧/૨૦૧૦ |
| | PAN (પરમેનેન્ટ એકાઉન્ટ નંબર) | AABTD 3401D |
| | TAN ( ટેક્ષ ડીડકશન કલેકશન નંબર) | SRTD03114G |
| | આઈ કલેકશન સેન્ટર તરીકે HOTA ની માન્યતા. | Tejas/Eyebank/Reg/13 Dt.16/1/13 |
| | આવકવેરા કાયદામાંથી કરમુકિત ૮૦ જી (૫) હેઠળ (૫૦%). | ઓફિસર II/ટેકનીકલ/૧૦૪/ડી–૧૧/૨૦૦૯–૧૦ /૨૯/૩/૧૦ |
| | FCRA (ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એકટ) પરમીશન | ૦૪૨૧૦૦૧૭૮ |
| B. | **સંસ્થાના ધ્યેય અને અભિગમની સ્પષ્ટતા અને પ્રતિબધ્ધતા** | |
| | • સંસ્થાના વિવિધ અહેવાલોમાં રજૂઆત | સ્પષ્ટ |
| | • કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં રૂપાંતરિત થયું છે ? | સારી રીતે |
